RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 312* Date: 09.09.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### મોંઘવારી, બેરોજગારી મહિલાઓ પર અત્યાચાર સહિતના મુદ્દાને લઇ

# કોંગ્રેસનું ૧૦ સપ્ટેમ્બરે સાંકેતિક બંધ

## "બહુત હુઈ મહેંગાઈ કી માર" જેવા નારાથી સત્તારૂઢ થયેલી ભાજપ સરકારના રાજમાં મોંઘવારી વધી છે : કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ પટેલ



અમદાવાદ,તા.૮

મંદી, મોંઘવારી, બેરોજગારી તેમજ કથળતી કાયદો વ્યવસ્થા, ખાડે ગયેલ અર્થતંત્ર, ડ્રગ્સનો બેરોકટોક કારોબાર, મહિલા અત્યાચારનું વધતુ પ્રમાણ સહિતના મુદ્દે કોંગ્રેસ પક્ષ દ્વારા તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ સાંકેતિક બંધ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, દર વર્ષે ૨ કરોડ રોજગાર આપવાને બદલે અણઘડ વહીવટ અને ખોટી આર્થિક નીતીને કારણે દેશમાં ૧૪ કરોડથી વધુ યુવાનો બેરોજગાર થયા છે. ફીક્સ પગાર - કોન્ટ્રાક્ટ પ્રથા - આઉટ સોર્સિંગ ના નામે ગુજરાતના યુવાનોનુ સુનિયોજીત રીતે ભાજપ સરકાર આર્થિક શોષણ કરી રહી છે. ૨૦ થી ૨૪ વય જુથના ૪૨% યુવાનો બેરોજગાર છે. ભાજપ સરકારે વિચાર્યા વગર નોટબંધી અમલમાં મુકી, ઉતાવળે જીએસટી લાગુ કરી જેના પરિણામે ૨,૩૦,૦૦૦ થી વધુ લઘુઉધોગો બંધ પડી ગયા, કરોડો લોકોના રોજગાર ખતમ થઈ ગયા. આમ એકંદરે લોકો ભાજપ સરકારના રાજમાં બેરોજગારી અને મોંઘવારીનો બેવડો માર સહન કરવા મજબુર બન્યા છે. ગુજરાતમાં ૪,૩૬,૬૬૩ કરતાં વધુ શિક્ષિત અને ૨૩૪૩૩ અર્ધશિક્ષિત એટલે કે ૪૫૮૯૭૬ નોંધાયેલા બેરોજગાર યુવાનો જ્યારે ન નોંધાયેલા ૪૦ લાખ કરતાં પણ વધુ યુવાનો રોજગાર માટે રાહ જોઈને બેઠા છે. જ્યારે ગુજરાતના વિવિધ સરકારી વિભાગોમાં ૪.૫૦ લાખ કરતાં વધુ જગ્યાઓ ખાલી છે. ખેતર વિનાનું ખેડૂત, ગ્રામસેવક વિનાનુ ગામ, શિક્ષક વિનાની શાળા, ડોક્ટર વિનાનુ દવાખાનુ એ ભાજપની ઓળખ છે.

તેમણે કહ્યું હતું કે આવી કપરી પરિસ્થિતિમાં ગુજરાતના નાગરિકોનો લાગણીને વાચા આપવા કોંગ્રેસ પક્ષ દ્વારા ૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૮-૦૦ થી બપોરના ૧૨-૦૦ કલાક સુધીનું સાંકેતિક બંધનું આહવાહન કરવામાં આવ્યું છે. જેમાં વેપારી મહામંડળો, સામાજીક સંસ્થાઓને પ્રતિકાત્મક બંધમાં જોડાવાની અપિલ કરવામાં આવી છે. નાના લારી ગલ્લા, પાથરણાવાળા, ફેરીયાઓ, રોજીંદુ કમાતા લોકોને સમજાવટ થી પ્રતિકાત્મક બંધમાં જોડાવા વિનંતી કરાઈ છે, સાથોસાથ ઈમરજન્સી સેવાઓને ક્યાંય પણ અડચણ ન થાય, હોસ્પિટલ, એમ્બ્યુલન્સ, દવાખાના, દવાની દુકાનોને તે માટે કોંગ્રેસજનો – આગેવાનોએ મદદકર્તા બની રહેવું, પગપાળા સંઘ, પંડાલ અને ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ કોઈપણ સરકારી મિલકતો જેવી કે બસ, સરકારી વાહનો, ઓફિસો ઈત્યાદીને નુકસાન ના થાય તેનું કોંગ્રેસ આગેવાનો – સ્થાનિક કાર્યકર્તાઓએ તકેદારી રાખવા સુચના આપેલ છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, ×બહુત હુઈ મહેંગાઈ કી માર× જેવા નારાથી સત્તારૂઢ થયેલી ભાજપ સરકારના રાજમાં મોંઘવારી વધી છે. ભાજપ સરકારે ૨૭ વર્ષોમાં માત્ર મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટ્રાચારનુ કમળ ખીલવવાનુ કામ કર્યું છે. મોંઘવારીને કાબુમાં લેવાને બદલે ભાજપ સરકાર પ્રજા પર ટેક્સનો બોજ લાદીને પોતાની તિજોરી ભરવામાં વ્યસ્ત છે.પેટ્રોલ હોય કે ડીઝલ, સી એન જી હોય કે પી એન જી, રાસાયણીક ખાતર હોય કે બિયારણ, દવાઓ, ખાધ્ય સામ્રગી હોય કે જીવન જરૂરીયાત અન્ય ચીજવસ્તુઓ એકપણ એવી વસ્તુ બચી નથી જેમાં ભાજપ સરકારે મોંઘવારીનો પ્રહાર ના કર્યો હોય. દુધ, દહી, પનીર, છાશ, લોટ જેવી ખાધ્ય પ્રદાર્થો પર જીએસટી લગાડી મોંઘવારીની આગમાં ઘી હોમી દીધુ છે.

કેન્દ્રમાં કોંગ્રેસ સરકાર હતી ત્યારે કપાસીયા તેલનો ડબ્બો રૂ. ૧૦૪૦ માં મળતો હતો જેને ભાજપ સરકારે અઢી ગણાં ભાવ વધારા સાથે ૨૬૦૦ સુધી પહોંચાડી દીધો છે. સિંગતેલનો ડબ્બો ૧૩૭૦ માં મળતો હતો તેને ૩૦૦૦ ની રેકોર્ડ સપાટી પર પહોંચાડી દીધો છે. ગેસ સિલીન્ડરમાંથી સબસીડી ગાયબ કરી દીધી છે. ૪૧૦ મળતો સિલીન્ડર આજે ડબલથી પણ વધારે ભાવ સાથે ૧૦૬૦ માં મળી રહ્યો છે. કઠોળના પ્રતિ કીલો સરેરાશ ભાવ ૬૦-૮૦ રહેતાં હતાં જેને ૧૪૦-૧૮૦ ની વિક્રમ સપાટીએ પહોંચાડી દીધા છે.

### રશિયાના રાષ્ટ્રપતિ પુતિને જી ૭ ને ચેતવણી આપી

## જેઓ તેના તેલના ભાવને સીમિત કરવાની તૈયારી કરી રહ્યા છે,તેઓનો પુરવઠો બંધ કરાશે

મોસ્કો,તા.૮

યુક્રેન સામે યુદ્ધ કરી રહેલા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને હવે એવા દેશોને ચેતવણી આપી છે જેઓ તેના તેલના ભાવને સીમિત કરવાની તૈયારી કરી રહ્યા છે. પુતિને કહ્યું છે કે જે દેશો આ યોજનામાં ભાગ લેશે તેમને રશિયા તરફથી તેલ અને ગેસનો સપ્લાય બંધ કરી દેવામાં આવશે. આમ કરવું તે મુર્ખતાભર્યો નિર્ણય હશે.

પુતિને પેસિફિક બંદર શહેર વ્લાદિવોસ્તોકમાં ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમને જણાવ્યું હતું કે ઓઈલના ભાવને કેપિંગ, જેમ કે કેટલાક પશ્ચિમી દેશો વિચારી રહ્યા છે, તે સંપૂર્ણ મૂર્ખ નિર્ણય હશે. જો તે અમારા હિતોની વિરુદ્ધ છે, તો અમે અમારા આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને કંઈ પણ સપ્લાય કરીશું નહીં. જેમાં ગેસ, તેલ, કોલસો અને બળતણ તેલ પણ નહીં.

હકીકતમાં જી ૭ ઔદ્યોગિક સત્તાઓએ યુક્રેનમાં મોસ્કોના લશ્કરી ક્રેકડાઉન માટે ભંડોળના મુખ્ય સ્ત્રોતને રોકવા માટે, રશિયન તેલની આયાત પર ભાવ મર્યાદા લાગુ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની હાકલ કરી હતી. પુતિને કહ્યું કે રશિયા તેની કરારની જવાબદારીઓનું સન્માન કરશે અને આશા છે કે અન્ય દેશો પણ આવું જ કરશે.શિયાળા પહેલા યુરોપમાં ઉર્જાના ભાવમાં વધારો થવાનો સંકેત આપતા પુતિને કહ્યું હતું કે રશિયા હાલના કરારો સિવાય બીજું કંઈ જ સપ્લાય કરશે નહીં. બધું સ્થિર થઈ જશે. જયારે ભાવ સબસિડી વિશે પુતિને કહ્યું, આર્થિક દષ્ટિકોણથી તે યોગ્ય છે, સામાજિક દષ્ટિકોણથી તે ખતરનાક છે. આ વિસ્ફોટનું કારણ બની શકે છે. આવી સ્થિતિમાં, નિયમોનું યોગ્ય રીતે પાલન કરવું વધુ સારું છે.

નોંધનીય છે કે ૭ એ મુખ્ય ઔદ્યોગિક દેશોનું જૂથ છે જેમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સનો સમાવેશ થાય છે. આ વર્ષે જર્મની જી૭ની અધ્યક્ષતા કરી રહ્યું છે. યુક્રેન સામે યુદ્ધ કર્યા પછી, દેશો રશિયન તેલની કિંમતો પર મર્યાદા નક્કી કરવાની તૈયારી કરી રહ્યા છે. આ માટે આ દેશો ટૂંક સમયમાં કરારની જાહેરાત પણ કરી શકે છે.

## અડધી રાતે પટણાની હોસ્પિટલમાં તેજસ્વી યાદવ ઓચિંતી મુલાકાતે પહોંચી ગયા

પટણા,તા.૮

બિહારમાં સત્તા પરિવર્તનની સાથે રાજયના નવા નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી તેજસ્વી યાદવે વ્યવસ્થામાં જબરજસ્ત તેજી બતાવતા અડધી રાતે પટણાની સૌથી મોટી હોસ્પિટલ પીએમસીએચ સહિત ત્રણ અન્ય હોસ્પિટલોનું નિરીક્ષણ કર્યું આ દરમિયાન તેમનો ગડબડી જ ગડબડી નજરે પડી.આ દરમિયાન દર્દીઓ અને પરિવારજનો તેમને ફરિયાદ કરી કે હોસ્પિટલમાં કોઇ દવા કે અન્ય જરૂરી વસ્તુ મળી રહી નથી ડોકટરો બધુ જ બહારથી લાવવા માટેનું કહે છે તેના પર ત્યાં હાજર વરિષ્ઠ ડોકટરો અને અન્ય આરોગ્ય અધિકારીઓએ ચુપકીદી સાંધી અને તેમની પાસે તેનો કોઇ જવાબ ન હતો. નિરિક્ષણ દરમિયાન રાતમાં અનેક કર્મચારી અને વરિષ્ઠ ડોકટરો ઘટના સ્થળ પર હાજર ન હતાં તેજસ્વી યાદવે તેના પર સખ્ત નારાજગી વ્યકત કરી પગલા લેવાની વાત કહી અને કહ્યું કે આ ગંભીર બાબત છે સરકારી હોસ્પિટલમાં ડોકટરો અને અન્ય કર્મચારીઓની હાજરી ચોવીસ કલાક હોવી જોઇએ નવી સરકારની રચના બાદ પહેલા પ્રવાસ દરમિયાન તેમણે ન્યુ ગાર્ડિનર રોડ હોસ્પિટલ અને ગર્દનીયબાગ હોસ્પિટલનું પણ નિરિક્ષણ કર્યું હતું પીએમસીએચના ટાટા વોર્ડની સ્થિતિ જોઇ તેઓ ખુબ જ નારાજ થયા તેમણે અનેક કર્મચારીઓની પુછપરછ કરી પરંતુ તે તેમના સવાલોના જવાબ આપી શકયા નહીં તેમણે ત્યાં હાજર અધિકારીઓથી જયારે આ બાબતે જાણકારી માંગી તો તે પણ કંઇ બતાવવા અસમર્થ રહ્યાં તેજસ્વીના અચાનક પ્રવાસથી હોસ્પિટલમાં નાસભાગ મચી ગઇ હતી આરોગ્યમંત્રીએ કહ્યું કે તેમને અનેક રીતની ફરિયાદો મળી હતી તેના આધાર પર તેઓ નિરિક્ષણ કરવા પહોંચ્યા હતાં જેવી ફરિયાદ મળી હતી તે સાચી જણાઇ આવી છે અહીં બિહારના ખુણે ખુણાથી દર્દીઓ આવે છે પરંતુ તેનો સારવાર મળી રહી નથી ન તો દવાઓની ઉપલબ્ધતા હતાં અને ન તો સિનિયર ડોકટર હતાં કર્મચારી પણ જોવા મળ્યા નહીં આથી તેમણે અધીક્ષકને બોલાવ્યા હતાં અને તેમણે અધીક્ષક અને ડોકટરો તથા કર્મચારીઓનો ઉઘડો લીધો હતો.

## મુંબઈ બ્લાસ્ટના દોષી યાકુબ મેમનની કબર આસપાસ માર્બલ અને લાઈટો કરી દેવાતા ભાજપે લાઈટો કઢાવી નાખી !

મુંબઇ,તા.૮



મુંબઈ બ્લાસ્ટના દોષી પામેલા અને ત્યારબાદ ફાંસી આપવામાં આવી તે યાકુબ મેમનની કબરને લઈને મહારાષ્ટ્રમાં રાજકીય જંગ છેડાઈ ગયો છે. ભાજપનું કહેવું છે કે ઉદ્ધવ સરકારના કાર્યકાળમાં યાકુબની કબર આસપાસ માર્બલ અને ન્ઈઢ લાઈટો લગાવવામાં આવી હતી.ભાજપના નેતા રામ કદમે સોશિયલ મીડિયા પર તસવીરો પણ જાહેર કરતા ભારે હોબાળો મચ્યો હતો અને વિવાદ ઉભો થયા બાદ મુંબઈ પોલીસે કબર પરથી એલઇડી હટાવી દીધી છે.અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૯૩ના મુંબઈ બોમ્બબ્લાસ્ટનો દોષી યાકુબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતો. તે વિસ્ફોટોના કાવતરામાં સામેલ હતો. ઝ્રમ્ૈંની ચાર્જશીટ મુજબ યાકુબ દાઉદ ઈબ્રાહિમ અને ટાઈગર મેમનના આતંકવાદી સંગઠનનું ફાઈનાન્શિયલ કામકાજ સંભાળતો હતો. ૧૯૯૪માં CBIએ યાકુબની નવી દિલ્હી રેલવે સ્ટેશન પરથી ધરપકડ કરી હતી. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે તેને દોષિત જાહેર કર્યો હતો અને ફાંસીની સજા સંભળાવી હતી, એ બાદ ૨૦૧૫માં નાગપુર જેલમાં યાકુબને ફાંસી આપવામાં આવી હતી.૧૨ માર્ચ, ૧૯૯૩ના રોજ મુંબઈમાં ૧૨ ભીડવાળાં સ્થળોએ થયેલા વિસ્ફોટોમાં ૨૫૭ લોકો માર્યા ગયા હતા અને ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

### સોનિયાએ ભારત જોડો યાત્રા પર ભાવુક પત્ર લખ્યો

## મને ખાતરી છે કે યાત્રા આપણા સંગઠનને વધૂ મજબૂત બનાવશે અને પરિવર્તન લાવશે

નવીદિલ્હી,તા.૮

કોંગ્રેસની ભારત જોડો યાત્રા ગઈકાલ ૭ સપ્ટેમ્બર શરૂ થઈ છે. રાહુલ ગાંધીએ ઝંડો ફરકાવી યાત્રાનો શુભારંભ કર્યો છે. આ યાત્રા ૧૨ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પસાર થઈને ૩૫૭૦ કિલોમીટરનું અંતર કાપશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા તેને કોંગ્રેસનો મોટો દાવ માનવામાં આવી રહ્યો છે.કોંગ્રેસ કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધીએ પત્ર લખીને યાત્રામાં સામેલ નેતાઓને અભિનંદન આપ્યા છે, જ્યારે તેમણે પોતે હાજરી ન આપી શકવા બદલ ખેદ વ્યક્ત કર્યો છે.



સોનિયા ગાંધીએ પોતાના પત્રમાં લખ્યું છે કે એવા સમયે જ્યારે કોંગ્રેસની 'ભારત જોડો યાત્રા' કન્યાકુમારીથી કાશ્મીર સુધી શરૂ થઈ છે. ત્યારે સારવાર અને તબીબી તપાસને કારણે હું તમારી વચ્ચે વ્યક્તિગત રીતે હાજર નથી. હું આ અસમર્થતા માટે દિલગીર છું.કોંગ્રેસ માટે આ એક ઐતિહાસિક અવસર છે, એક ભવ્ય વારસો ધરાવતી આપણી મહાન પાર્ટી. મને ખાતરી છે કે આ આપણા સંગઠનને વધૂ મજબૂત બનાવશે અને પરિવર્તન લાવશે. આ ક્ષણ ભારતીય રાજનીતિ માટે પરિવર્તનકારી સાબિત થશે. ખાસ કરીને હું મારા ૧૨૦ સાથીદારોને અભિનંદન આપવા માંગુ છું જેઓ લગભગ ૩૬૦૦ કિલોમીટરની આ પદયાત્રા પૂર્ણ કરશે. આ યાત્રા ઘણા રાજ્યોમાંથી પસાર થશે અને હજારો નવા લોકો તેમાં જોડાશે, તેમને પણ મારી શુભકામનાઓ.

હું હંમેશા 'ભારત જોડો યાત્રા'માં વૈચારિક અને આધ્યાત્મિક રીતે સામેલ રહીશ. હું ચોક્કસપણે આગળ જતા પ્રવાસને જીવંત જોઈશ. તો ચાલો આપણે સંકલ્પ લઈએ, એક થઈએ અને આપણી ફરજો પર અડગ રહીએ, જય હિન્દ.

રાહુલ ગાંધીએ કહ્યું કે નફરત અને ભાગલાની રાજનીતિમાં મેં મારા પિતાને ગુમાવ્યા છે. હું આમાં મારા પ્રિય દેશને ગુમાવીશ નહીં. પ્રેમ નફરત પર વિજય મેળવશે. આશા ભયને હરાવી દેશે. સાથે મળીને આપણે નિયંત્રણ મેળવીશું. નોંધનીય છે કે કન્યાકુમારીથી કાશ્મીર સુધી ૩૫૭૦ કિમી સુધી ચાલનારી ભારત-જોડાયા યાત્રા દરમિયાન કન્ટેનર દ્વારા રોજ એક નવું ગામ વસાવવામાં આવશે. જ્યાં રાહુલ ગાંધી અને તેમની સાથેના ચાલનારા યાત્રીઓ રોકાશે. આ માટે ૬૦ જેટલા કન્ટેનર આશ્રયસ્થાનો તરીકે તૈયાર કરવામાં આવ્યા છે, જે ટ્રકો પર રાખવામાં આવ્યા છે.

આ તમામ કન્ટેનર રાહુલ યાત્રા દરમિયાન સાથે લઈ જવામાં આવશે નહીં, પરંતુ દિવસના અંતે નિર્ધારિત સ્થળે પ્રવાસમાં સામેલ લોકોને પહોંચાડવામાં આવશે. આ તમામ કન્ટેનર રાત્રિના આરામ માટે ગામડાના આકારમાં રોજ નવી જગ્યાએ ઉભા કરવામાં આવશે. રાહુલ ગાંધી સુરક્ષાના કારણોસર અલગ કન્ટેનરમાં આરમ કરશે.

## તંત્રી સ્થાનેથી...

# પીએમ પદની સ્પર્ધા

*વિપક્ષી દળોને એક તાંતણે બાંધવાની કોશિશ કરી રહેલા તેલંગણાના મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવે જે રીતે એ જાહેરાત કરી કે ૨૦૨૪માં કેન્દ્રમાં બિનભાજપી સરકાર બનશે તો દેશભરના ખેડૂતોને મફત વીજળી અને પાણી આપવામાં આવશે. જોકે એ હકીકત છે કે હજુ સુધી વિપક્ષી એક્તાનું રૂપ કે સ્વરૂપ ક્યાંય સ્પષ્ટ નથી દેખાતું. એવામાં સમજવું મુશ્કેલ છે કે તેમણે આ જાહેરાત કયા અધિકારથી કરી? આ પ્રશ્ન એટલા માટે, કારણ કે હજુ કોઈ વિપક્ષી દળે એવું કશું નથી કહ્યું કે ભાજપ વિરોધી પક્ષોને એકજુટ કરવા અને ભાવિ સરકારની નીતિ-રીતિ નક્કી કરવાની જવાબદારી કે.ચંદ્રશેખરને સોંપી દેવામાં આવી છે. એ માનવાનાં ઘણાં કારણો છે કે તેમણે કેન્દ્રમાં બિનભાજપી સરકાર બનવાની સ્થિતિમાં ખેડૂતોને મફત વીજળી-પાણી આપવાની જાહેરાત ખુદને વડાપ્રધાન પદની દોડમાં સામેલ કરવાના ઈરાદેથી કરી છે. તેમની આ જાહેરાતથી વિપક્ષી દળોના એ નેતાઓનું ચકિત થવું સ્વાભાવિક છે, જેઓ પણ પોતપોતાના સ્તરે ભાજપ વિરોધી પક્ષોને એકજુટ કરવાની કોશિશ કરીર રહ્યા છે અને પોતે વડાપ્રધાન પદને લાયક છે તેવો દાણો દબાવી રહ્યા છે. તેમાં નવું નામ ઉમેરાયું છે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારનું. ભાજપ સાથે નાતો તોડીને મહાગઠબંધનનો સાથ પકડ્યા બાદથી નીતિશ કુમાર ભલે એમ કહી રહ્યા હોય કે તેમને ના તો વડાપ્રધાન બનવાની ઈચ્છા છે અને ના તેઓ આ પદના દાવેદાર છે, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે તેમના સહયોગી અને સમર્થકો સતત તેમને આ પદ માટે સુયોગ્ય ઉમેદવાર ગણાવી રહ્યા છે.*

*આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જે રીતે મેક ઈન્ડિયા નંબર વન અભિયાનની શરૂઆત કરી, તે પણ એ જ ઈશારો કરે છે કે તેઓ પીએમ પદ માટે પોતાની દાવેદારી આગળ વધારી રહ્યા છે. ભલે છેલ્લા કેટલાક દિવસોથી મમતા બેનર્જી વિપક્ષી એક્તાને લઈને મગનું નામ મરી ન પાડતાં હોય, પરંતુ એ એક તથ્ય છે કે તેઓ ભાજપ વિરોધી પક્ષોને એકજુટ કરવાની કોશિશ કરી ચૂક્યાં છે. આ બધા નેતાઓની સક્રિયતા વચ્ચે મુખ્ય વિપક્ષી દળ કોંગ્રેસના નેતાઓ તો વર્ષોથી રાહુલ ગાંધીને ભાવિ વડાપ્રધાન રૂપે રજૂ કરતા જ આવ્યા છે. કોંગ્રેસની ભારત જોડો યાત્રાનો ઉદ્દેશ્ય પણ પોતાની રાજકીય મહત્તા વધારવાનો અને ચૂંટણી લાભ લેવાનો જ છે. ભલે રાહુલ ગાંધી અધ્યક્ષ પદની ચૂંટણી ન લડે, પરંતુ તેમાં કોઈ શંકા નહીં કે કોંગ્રેસ તરફથી પીએમ પદના દાવેદાર તેઓ જ રહેવાના છે. રાજકારણમાં શીર્ષ પદ સુધી પહોંચવાની મહત્ત્વાકાંક્ષા ધરાવવી કોઈ ખરાબ વાત નથી, પરંતુ તેની પૂર્તિ માટે આર્થિક નિયમોની અવગણના કરીને મફતખોરીને જ ઉત્તેજન આપવું યોગ્ય નથી. લાંબા ગાળે તેનાં પરિણામો સારાં નહીં આવે.*

## યુપી વિધાનસભામાં અનોખી પહેલકટ્ટર વિરોધી પાર્ટીઓના ધારાસભ્યો એક સાથે બેસીને કામ કરી રહ્યાં છે

લખનૌ,તા.૮

૮૬ વર્ષીય આલમ વાદી અને ૪૨ વર્ષીય હર્ષવર્ધન બાજપાઈની વચ્ચે ખુબ ઓછી સમાનતા છે ઉત્તરપ્રદેશ વિધાનસભામાં વિરોધ પક્ષોના સભ્ય વાદી સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા છે અને બાજપાઈ બીજીવાર ધારાસભ્ય બન્યા છે બંન્ને સતત વિધાનસભામાં આમને સામને રહે છે તાજેતરમાં બંન્ને ધારાસભ્ય જે ગૃહમાં એન્જીનિયર ધારાસભ્યોને એક સમૂહનો હિસ્સો હતો ચર્ચા કરવા માટે બેસી ગયા કે તે પોતાના નિર્વાચન વિસ્તારની મદદ માટે પોતાના ધંધાદારી ડિગ્રીનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે.આલમની પાસે એન્જીનિયરિંગમાં ડિપ્લોમાં છે જે લગભગ પાંચ દાયકા જુની છે બાજપાઈએ ૨૦૦૭માં યુયુકેની શેફીલ્ડ યુનિવર્સિટીથી બીટેકની ડિગ્રી હાંસલ કરી છે ઉત્તરપ્રદેશની રાજનીતિની ધ્રુવીકૃત અને પક્ષપાતપૂર્ણ દુનિયા માટે પહેલીવાર વિધાનસભા અધ્યક્ષે ધારાસભ્યોને તેમની ધંધાદારી ડિગ્રી લિંગ અને વિધાયી કાર્યકાળ અનુસાર સમૂહ બનાવવાની કવાયત શરૂ કરી છે તેનાથી તેમને પાર્ટી વ્હિપ અને વિચારધારાના અવરોધથી અલગ હટી પોતાના વિચારો અને અનુભવોનું આદાન પ્રદાનમાં મદદ મળી રહી છે.ધારાસભ્યોની સાથે સારા તાલમેલ વિકસિત કરવા અને ૪૦૩ સભ્યોના મજબુત ગૃહના સારા કામકાજ માટે અધ્યક્ષે લગભગ દોઢ મહીના પહેલા એક મંચ શરૂ કર્યું હતું જયાં ધારાસભ્ય પાર્ટી લાઇનથી અલગ હટી જાહેર ચિંતાઓને સમજે છે અને સમાધાન કાઢે છે.એડીઆરના નવા આંકડા અનુસાર યુપી વિધાનસભામાં ૫૦ ટકાથી વધુ ધારાસભ્યોની અપરાધિક પૃષ્ઠભૂમિ છે ત્યાં આ રીતનો અભ્યાસ શરૂ કરવામાં આવ્યું છે.

## સાક્ષર દિન

સાવ કરતાં સાવ,
અંગુઠાછાપ છીએ.
કક્કો-બારાખડી,
પલ્લે પડયા નહીં.
હવે કેમ કરીને,
પ્રેમ જંગ જીતવો??
ઈશારાનો "ઇ,"
આવડે નહી.
ચૂમીનો "ચ"આવડે નહી.
વફાદારીનો વ આવડે નહીં!
આલિંગનનો "અ "આવડે નહી.
લફરાંનો "લ",
આવડે નહીં.
સખી,
રાતવરત ,
ઓફલાઈન -ઓનલાઇન,
પ્રેમની થિયેરી,
પ્રેકટિકલ પાઠ પઢાવો.
જરૂર પડયે,
એક્સ્ટ્રા કલાસ લગાવે
અમ રાંક પ્રેમીને,
પ્રેમના પ્રખર પંડિત બનાવો,
પ્રેમમાં પીએચડી, અપાવો.
સાક્ષરતા દિને,
આટલો ઉપકાર કરો!!!
ભરત વૈષ્ણવ
૮.૯.૨૦૨૨.

## બોધકથા..મનનું દર્પણ



એક ગુરૂકૂળના આચાર્ય પોતાના શિષ્યની સેવાથી ઘણા જ પ્રભાવિત થાય છે અને વિદ્યાભ્યાસ પૂર્ણ થયા બાદ જયારે શિષ્ય વિદાય લેવા માટે ગુરૂજી પાસે જાય છે ત્યારે ગુરૂજી આર્શિવાદના રૂપમાં એક દર્પણ આપે છે.આ કોઇ સાધારણ દર્પણ નહોતું.આ દિવ્ય દર્પણમાં કોઇપણ વ્યક્તિના મનના ભાવ દર્શાવવાની ક્ષમતા હતી.શિષ્ય ગુરૂજીના આ આર્શિવાદના રૂપે મળેલ દર્પણથી ઘણો પ્રસન્ન હતો.તેને વિચાર્યું કે ઘેર જતાં પહેલાં આ દિવ્ય દર્પણની ચકાસણી કરી લઉં.પરીક્ષા લેવાની ઉતાવળમાં દર્પણને ગુરૂજી તરફ ધરે છે તો તેને ઘણી જ નવાઇ લાગે છે.દર્પણ બતાવી રહ્યું હતું કે ગુરૂજીના હ્રદયમાં મોહ,અહંકાર,ક્રોધ..વગેરે દુર્ગુણો સ્પષ્ટ દેખાઇ રહ્યા હતા.

શિષ્ય વિચાર કરે છે કે મારા આદર્શ એવા મારા ગુરૂજીમાં ઘણા બધા અવગુણ ભરેલા છે તેમ વિચારી તે ઘણો જ દુઃખી થાય છે.દુઃખી મને તે દર્પણ પોતાની સાથે લઇને ગુરૂકૂળથી ઘેર જવા રવાના થાય છે પરંતુ સમગ્ર માર્ગ દરમ્યાન તેને એક જ વિચાર આવે છે કે જે ગુરૂજીને હું તમામ દુર્ગુણોથી રહીત એક આદર્શ પુરૂષ સમજતો હતો પરંતુ દર્પણે તો મને બીજું કંઇક જુદું જ બતાવ્યું છે.હવે તેના હાથમાં બીજાઓને પરખવાનું યંત્ર આવી ગયું હતું એટલે તેને જે કોઇ મળે તેની પરીક્ષા લેતો હતો.તેને પોતાના અનેક ઈષ્ટમિત્રો તથા પરિચિતોની સામે દર્પણ રાખીને તેમની પરીક્ષા કરી હતી. તમામના હ્રદયમાં તેને કોઇને કોઇ દુર્ગુણ જોવા મળતો હતો અને તેથી તે દુઃખી મનથી વિચાર કરતો હતો કે સંસારમાં તમામ લોકો આટલા બધા ખરાબ કેમ થઇ ગયા છે?

ઘેર પહોંચીને પ્રથમ પોતાના માતા-પિતાની ચરણવંદના કરે છે.તેના માતા-પિતાની સમાજમાં બહુ મોટી પ્રતિષ્ઠા હતી.તેની માતાને તો લોકો સાક્ષાત દેવતૂલ્ય સમજી ચરણવંદના કરતા હતા.તેને વિચાર કર્યો કે આ દર્પણથી મારા માતા-પિતાની પરીક્ષા કરી જોઉં.તેને દર્પણ પોતાના માતાપિતા તરફ રાખ્યું તો તેને માતાપિતામાં પણ અનેક દુર્ગુણ જોવા મળે છે.ત્યારે તે મનથી વિચાર કરે છે કે આ જગતમાં કોઇ પુર્ણ નથી,તમામમાં થોડાઘણા અંશે દુર્ગુણો હોય છે.હવે આ શિષ્યના મનની બેચેની ઘણી જ વધી જાય છે.છેવટે બેચેન મનથી દર્પણ લઇને તે ગુરૂજીના આશ્રમમાં જઇને ગુરૂજીની સમક્ષ ઉપસ્થિત થાય છે. ગુરૂજી તો તેના આવવાના કારણોની ખબર પડી જાય છે.શિષ્યે આવીને પોતાના ગુરૂજીને વિનમ્રતાથી કહ્યું કે..ગુરૂદેવ ! મેં આપના આપેલા દર્પણની મદદથી જોયું તો આ જગતના તમામ મનુષ્યોમાં અલગ અલગ પ્રકારના અનેક દોષો જોવા મળ્યા.અત્યાર સુધી મને દોષરહિત એકપણ મનુષ્ય જોવા મળ્યો નથી. સ્વયં આપનામાં અને મારા માતાપિતામાં પણ મેં દોષોનો ભંડાર જોયો છે તેનાથી મારૂં મન અતિશય વ્યાકુળ થયું છે.

ગુરૂજી હસ્યા અને તેમને દર્પણ શિષ્યની તરફ રાખ્યું.શિષ્ય તો દંગ રહી ગયો.તેના મનના પ્રત્યેક ખુણામાં રાગ-દ્રેષ,અહંકાર,ક્રોધ જેવા અનેક દુર્ગુણો ભરેલા જોવા મળ્યા.મનમાં ક્યાંય તેને નિર્મળતા જોવા ના મળી.

ગુરૂજી કહે છે કે બેટા..આ દર્પણ મેં તને બીજાના દુર્ગુણો શોધવા માટે નહી પરંતુ તારા પોતાના દુર્ગુણોને જોઇને જીવનમાં સુધારો લાવવા માટે આપ્યું હતું.જેટલો સમય તેં બીજાઓના દુર્ગુણો જોવામાં પસાર કર્યો એટલો સમય જો તે તારા પોતાના સુધારા માટે લગાવ્યો હોત તો અત્યાર સુધી તારા વ્યક્તિત્વમાં ઘણો જ સુધારો થઇ ગયો હોત.

વાસ્તવમાં મન સ્વરૂપથી સત્વપ્રધાન હોવાથી સ્વરૂપથી શુદ્ધ છે પરંતુ અહંતા-મમતાના કારણે તેને ઘોર રજોગુણ ઘેરી લે છે પછી રજોગુણ દ્વારા ઢંકાયેલું મન અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરવા માંડે છે.

નિરંતર તે ગુણોનું ચિંતન થાય છે તેનાથી કામના ઉત્પન્ન થાય છે અને બુદ્ધિ દૂષિત થાય છે.આ પ્રમાણે દૂષિત બુદ્ધિવાળો પોતાની ઈન્દ્રિયો પરનો કાબૂ ગુમાવી બેસે છે.કામનાઓના વશમાં થઇને તથા રજોગુણના વેગથી મોહિત થયેલો મનુષ્ય એવાં કર્મોમાં ફસાઇ જાય છે કે જેનું પરીણામ માત્ર દુઃખ જ દુઃખ છે.

બધા જ વિષયોમાંથી મનને સારી રીતે ખેંચી લેવાથી નિર્વિષય બનેલું મન પરમાત્મામાં દ્રઢતાથી સ્થિર થઇ જાય છે.દુનિયા મનને અસ્થિર કરતી નથી એ તો અમે પોતે બીજાઓનો પ્રભાવ ગ્રહણ કરીને પોતાની સ્થિતિ બદલી લઇએ છીએ.અમારે યાદ રાખવું જોઇએ કે મન વિચારોનું નામ છે.જો અમારા વિચારો શુધ્ધ અને પવિત્ર છે અને અમોને તેના ઉપર દ્રઢ વિશ્વાસ છે તો પછી તે હલી શકતા નથી.

મનને વશમાં કરવું તેને આત્મવિનિગ્રહ કહે છે.મનમાં બે ચીજો પેદા થાય છેઃસ્ફુરણા અને સંકલ્પ.સ્ફુરણા અનેક પ્રકારની હોય છે અને તે આવતી જતી રહે છે પરંતુ જે સ્ફુરણામાં મન ચોંટી જાય છે,જેને મન પકડી લે છે તે સંકલ્પ બની જાય છે.

સંકલ્પોમાં બે ચીજો રહે છેઃરાગ અને દ્રેષ.આ બંન્નેના લીધે મનમાં ચિંતન થાય છે.સ્ફુણા તો દર્પણના દ્રશ્ય જેવી હોય છે પરંતુ સંકલ્પ કેમેરાની ફિલ્મના જેવો હોય છે જે દ્રશ્યને પકડી લે છે.મનને વારંવાર ધ્યેયમાં લગાડવાથી સ્ફુરણાઓ નષ્ટ થાય છે અને વૈરાગ્યથી એટલે કે કોઇ વસ્તુ,વ્યક્ત કે પદાર્થમાં રાગ કે મહત્વ ના રહેવાથી સંકલ્પો નષ્ટ થાય છે.આ રીતે અભ્યાસ અને વૈરાગ્યથી મન વશમાં થઇ જાય છે.(ગીતાઃ૬/૩૫)

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ઘરવાળીની જન્મ તારીખ ભૂલી જાવ છો? ગૃહ યુધ્ધ નિવારવા જન્મ તારીખનું છૂંદણું છૂંદાવો !!!

છૂંદણા કે છૂંદણું . છૂંદણું શું છે? છૂંદણું એ ફેશન છે?છૂંદણું એ વિરાસત છે? છૂંદણું એ જીવનરીતિ છે?છૂંદણું એટલે શું? આ સવાલનો જવાબ આ રીતે આપી શકાય. લોકો ફેશન, સ્ટાઇલ અને સુંદરતા માટે શરીર પર ટેટૂ બનાવે છે. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે, ટેટૂનો સંબંધ માત્ર સ્ટાઈલ અને ફેશન સાથે જ નથી, પરંતુ તે વ્યક્તિના જીવનને અલગ-અલગ રીતે અસર કરે છે.

છૂંદણું એટલે શરીર ઉપર છૂંદીને પાડેલું અલંકારરૂપ ટપકું, ભાત કે આકૃતિ. કુદરતે દીધેલા રૂપને વધુ દેદીપ્યમાન બનાવવા, યૌવનને વધુ આકર્ષક બનાવવા માનવી આદિકાળથી મથામણ કરતો રહ્યો છે. છૂંદણાં એ આદિકાળથી લોકનારીના સૌંદર્યનું પ્રતીક બની રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં છૂંદણાં પડાવવાં એને ત્રાજવડાં ત્રોફાવવાં એમ કહેવામાં આવે છે. સ્ત્રીના થાનનું દૂધ અથવા તાંદળજાની ભાજીનો રસ તથા કાજળ ભેગાં કરી તેનું ચામડી ઉપર ટપકું કરી તે ટપકાંને સોયની અણીએ ટોચ્યા કરી અને પછી લોહી નીકળે ત્યારે તેના ઉપર હળદર ને મેશ દાબવાથી પડતો ડાઘ તે છૂંદણું. હિંદી ભાષામાં '??????'ના નામે ઓળખાતાં છૂંદણાં આદિવાસી સંસ્કૃતિના ઉદગમ સાથે ગાઢ રીતે સંકળાયેલાં હોવાનું વિદ્વાનો માને છે. આદિવાસીઓએ પોતાના વંશવેલાને ઓળખવા માટે સ્ત્રીપુરુષ બંનેનાં શરીર ઉપર અમુક ચોક્કસ પ્રકારની નિશાનીઓ અંકિત કરવાની પ્રથા દાખલ કરી હતી.

ભાતીગળ લોકજીવનમાં છૂંદણાંનું સ્થાન પુરાણ કાળથી જ મહત્ત્વનું રહ્યું છે. ત્રાજવાં ત્રોફાવવાની આ કળા ચાર હજાર વર્ષ જેટલી પુરાણી હોવાનું કહેવાય છે. ઈ.સ. પૂર્વે બે હજાર વર્ષ પહેલાંના ઈજિપ્શિયન 'મમી'ના દેહ પર છૂંદણાનું આલેખન મળી આવ્યું છે. ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં જાપાનમાં છૂંદણાંની આ કલા ફેલાઈને ત્યાંથી એશિયાના દેશોમાં આવ્યાનું મનાય છે.

શરીરના સૌંદર્યને આકર્ષક બનાવતાં છૂંદણાં એ માત્ર આભૂષણ જ નથી. આપણું લોકજીવન કંઈક ને કંઈક ઉપયોગિતાને લઈને જ વિકસ્યું છે. છૂંદણાં પણ શરીરના ચોક્કસ ભાગમાંથી નસોને ઓળખીને એ જગ્યાએ છૂંદવામાં આવે છે. તેનાથી રસોળી - ઢીમચાં જેવા બીજા શારીરિક રોગો અટકે છે તેમ છૂંદણાં છૂંદનાર માને છે. તો નાનપણમાં વિખૂટી પડી ગયેલી વ્યક્તિની શોધ માટે પણ તે ઉપયોગી નીવડે છે. ખાસ કરીને ભરવાડ તથા રબારી બહેનો વધુ છૂંદાવે. બાકી એ કોમના ભાઈઓ ઉપરાંત કોળી જ્ઞાતિના લોકો પણ છૂંદાવે છે. જોકે હવે જ્ઞાતિનો બાધ રહ્યો નથી.

ભરવાડ / રબારી સ્ત્રીઓ કપાળ પર ચંદ્રાકાર, ગાલ અને દાઢી પર બિંદી, હાથ પર ત્રાજવાં, ભગવાનનું નામ કે મૂર્તિ, સાહેલનું નામ, હાથની પોંચી, હડપચી, આંખના ખૂણે પગના પંજા પર તેમજ છાતી પર પણ જુદાં જુદાં ચિત્રોનાં છૂંદણાં છૂંદાવે છે. આ ચિત્રોમાં વેલ, ફૂલ, ઝાડ પાન, વાઘ, સિંહ, મોર, વીંછી, ગાય, ત્રિશૂળ, ૐકાર મુખ્ય હોય છે. કેટલાંક ચિત્રોના ખાસ અર્થ હોવાનું પણ મનાય છે. ભરવાડ નારીઓનાં છૂંદણાંમાં ગોપસંસ્કૃતિ અને સંસ્કારનાં વિશિષ્ટ પ્રતીકો ડેર, ગાય, જોતર, લાડવો, દાણા ઉપરાંત કાવડ, વાવ, દેરડી, એલચડી, ફળ, ખજૂરી, માખ, વીંછી, મોર વગેરે પરંપરાગત ભાતપ્રતીકોની સાથે દેરડી, ધજા, બીજ, ઝાડ, હરબી, કમળફૂલ, નાવડી, ગવરી, ખેરિયા, આંબાપાડા, ચારણી, પીપળાનાં પાન, માશા, રાઈફૂલ, રામનું પારણું વગેરે વિશિષ્ટ પ્રતીકો જોવા મળે છે. સ્ત્રીઓ ગાલે, બે ભમરો વચ્ચે અને હડપચીએ છૂંદણાં પડાવે છે. કેવળ શરીર શણગારવાને માટે ફૂલ, પાંદડી કે પક્ષીના આકારો છૂંદાવવા પૂરતો જ એ શોખ નહોતો, પણ ઈશ્વર અથવા ઈષ્ટદેવ કે દેવીનાં નામો તેમજ આકૃતિઓ જેવાં કે રાધાકૃષ્ણનાં મહોરાં વગેરે છૂંદાવવા સુધીનો ધર્મભાવ પણ તેમાં હતો.

આજકાલ શહેરી યુવક-યુવતીઓ હિન્દી કે અંગ્રેજીમાં નામ કે 'દિલ'ની આકૃતિ છૂંદણાંમાં છૂંદાવે છે. સામાન્ય રીતે શરીરનો જે ભાગ ખુલ્લો રહેતો હોય ત્યાં છૂંદણાં છૂંદાવાય છે. પહેલાં આંગળી સાથે સોય બાંધી હાથથી છૂંદતા, હવે મશીનથી છૂંદવામાં આવે છે, જેમાં કોયલ-કટઆઉટ - સોય બેટરી વગેરેનો ઉપયોગ થાય છે. વાસણ પર નામ લખવા માટે વપરાતા મશીન જેવું મશીન કોઠાસૂઝથી બનાવે છે. જોકે વિદેશમાં આવા વીજળિક મશીનની શોધ ૧૮૯૧માં થયાનું નોંધાયું છે. છૂંદણાં છૂંદતા હોય ત્યારે કીડી ચટકા ભરે એવું લાગે છે.

ત્રાજવાં વિશે લોકસમાજમાં અનેક પ્રકારની માન્યતાઓ, વિશ્વાસ અને શ્રદ્ધા પ્રવર્તતાં જોવા મળે છે. જેમ કે -હાથ ઉપર હનુમાન જતિ, માતા કે દેવદેવીનું છૂંદણું હોય તો ભૂત-પ્રેતની બીક દૂર થાય,મોં પર છૂંદણું હોય તો કોઈની બૂરી નજર લાગતી નથી,(હાથે, પગે નાગ કે વીંછીનું છૂંદણું પડાવ્યું હોય એને નાગ, વીંછી જેવાં ઝેરી જનાવરો કરડતાં નથી, કદાચ કરડે તો એના ઝેરથી માનવી મરતો નથી,આદિવાસીઓ માને છે કે છૂંદણાં પડાવેલી નારી એના પતિને કદી છેતરતી નથી, વિશ્વાસઘાત કરતી નથી. છૂંદણાં પડાવેલી નારી કદી વંધ્યા રહેતી નથી,છૂંદણાંમાં સંમોહન શક્તિ રહેલી છે ,છૂંદણાંવાળી કન્યા મનના માનેલાને મેળવી શકે છે,રબારી ભરવાડો માને છે કે જે સ્ત્રીપુરુષના હાથ પર રવૈયાનું ફૂલ ત્રોફાવેલું હોય એના આંગણે અખંડ દૂઝણું રહે છે. એનાં છોકરાં કાયમ ઘી-દૂધે વાળુ કરે છે,સ્ત્રીએ ટચલી આંગળી પાસેની અનામિકા પર ત્રણ ત્રાજવાની દેરડી પડાવેલી હોય તો તેને 'મામેળો' કહેવામાં આવે છે. 'મામેળો' એટલે મરતી વખતે આ સ્ત્રીને એની માનો મેળાપ થાય છે, જે નારી કપાળમાં ચાંલ્લાની જગાએ હિંગળોકનું ત્રાજવું પડાવે છે એનો ચૂડીચાંલ્લો અખંડ રહે છે એવી લોકમાન્યતા છે,

સ્ત્રી પગની ઘૂંટી પર છૂંદણું પડાવે તો એના ઘરમાં 'કેડ્ય સમાણું કામ ને ગોઠણ સમાણું ધાન' રહે છે,સૌરાષ્ટ્રમાં લોકો એમ કહે છે કે જે માણસ શરીર પર છૂંદણાં નથી પડાવતો એને બીજા જનમમાં સાંઢિયાનો અવતાર મળે છે અને એને ઊની ઊની રેતીના રણમાં દોડવું પડે છે. રબારીઓ એમ માને છે કે શરીર પર છૂંદણાં ન પડાવનાર સ્ત્રીને બીજા ભવમાં આખલાનો અવતાર મળે છે!!!

આજકાલ, ટેટૂ કરાવવા માટે ડિઝાઈનના સ્વરૂપમાં ઘણા વિકલ્પો છે અને રંગીન ટેટૂઝ પણ થાય છે. પરંતુ પહેલાના જમાનામાં માત્ર બ્લુ ટેટૂ કે છૂંદણાં જ જોવા મળતા હતા.

લંડનની કિંગ્ઝ લેનમાં માઈક ટોપલરે એક દુકાન ખોલી છે. પણ દુકાનમાં કોઈ સામાન જોવા મળતો નથી. તેની બદલે એક લાંબુ ટેબલ, અરીસો અને ખુરશી મોટા ભાગની જગ્યા રોકે છે. એક ખૂણામાં નાનું કબાટ છે, કરિયાણા કે ગાંધીની દુકાન જેવી કોઈ સામગ્રી, વેપારની આઈટમ ટોપલરની દુકાનમાં દેખાતી નથી. આમ જુઓ તો એ દુકાન નથી. ટોપલરે બહાર સાઈન બોર્ડ લગાવ્યું છે. ટાટુ ક્લિનિક. હા,નામ બરાબર છે. કારણ કે અહીં આવનાર દરેક વ્યક્તિને ટેબલ પર ઊંધા કે ચત્તિ સુવાડી માઈક તેના પર નાની સરખી શસ્ત્રક્રિયા કરે છે. જો કે તબીબી પરિભાષામાં જેને ઓપરેશન કહે છે. એવી કોઈ કાપકૂપ માઈકલ કરતો નથી. તેનું ખરું કામ તો ગ્રાહકોના શરીર પર ભાત ભાતનાં છૂંદણાં છૂંદવાનું છે, રંગબેરંગી, ચિત્રવિચિત્ર નાનાં મોટાં છૂંદણાં.

લંડનની ગોરી મહિલાઓ આજકાલ ભારતની આદિવાસી પ્રજાની જેમ શરીરે છૂંદણાં પડાવવાની શોખીન બની છે. આ પરિસ્થિતિનું સીધું પરિણામ એ આવ્યું છે કે છૂંદણા પાડવાનો ધંધો કરનારાઓની કમાણી ધૂમ વધી રહી રહી છે.

ટાટૂઈસ્ટ (છૂંદણા પાડનાર કસબી) ની જમાતમાં વધારો થઈ રહ્યો છે. બ્રિટનમાં અત્યારે આઠસોથી વધુ છૂંદણા છૂંદી આપનારા કલાકાર છે.માઈકલ ટોપલરે અત્યાર સુધીમાં ૨૫૦૦ છોકરા- છોકરીઓનાં શરીર પર વિવિધ સ્થળે છૂંદણાની નિતનવી ભાતો કોતરી છે. આ ડિઝાઈનોમાં ગુલાબની કળી, પતંગિયા, ચકલી, જેવા સિંગલ ચિતરામણથી લઈને આખા દ્રશ્ય, બાઈબલની પંક્તિઓ નેતાઓની તસવીરો, ઐતિહાસિક પ્રસંગ સુધ્ધાં ચીતરેલાં જોવા મળે છે. વિદેશોમાં લોકો છુંદણા છુંદાવીને શું પામે છે તે ખબર નથી. છૂંદણા ચીતરાવવાની પ્રથા વિદેશમાં અત્યાર સુધી ફેશન તરીકે ખપી છે. અને હવે એ ફેશનનો એક બીજો ઉપયોગ ફ્રાન્સની વિમા કંપનીઓએ શોધી કાઢ્યો છે. થયું છે એવું કે ફ્રાન્સના શહેરોમાં મોટરગાડીઓની ચોરીએ માઝા મૂકી છે. કારની ચોરીઓ અટકાવવા ફ્રાન્સની કેટલીક વીમા કંપનીઓ કાર-માલિકોને એમની કાર પર એક ખાસ પ્રકારનાં છૂંદણા ચિતરાવવાની સલાહ આપે છે.

ખાસ પ્રકારના યંત્ર દ્વારા વીમા કંપનીવાળા નાની અમથી ફી લઈને કારના દરવાજા, બારીઓ પર મોટરકારનો નંબર કોતરી આપે છે. એમનો દાવો છે કે, આ છૂંદણું ગમે તેટલા પ્રયત્નો પછી પણ દૂર કરી શકાતું નથી એટલે કાર-ચોરીને ચોરી કર્યા પછી કારના દરવાજા અને બધી બારીઓના કાચ નવા બેસાડવા પડે. પરિણામે કાર-ચોરને તો સોના કરતાં ઘડામણ મોઘું પડી જાય!

લંડનના વેમબલી વિસ્તારમાં રહેતી એક ધનાઢ્ય મહિલાએ તેનાં નિતંબ પર મોટાં પતંગિયા ચીતરાવ્યા. રાત્રે સહશયન વખતે પેલી ગૃહિણીના પતિદેવ આ છૂંદણા જોયા અને એ દંગ રહી ગયો. રંગીન પતંગિયા જોઈને ખુશખુશાલ થઈ ગયેલા પતિદેવે બીજે દિવસે છૂંદણા મૂકનારને ઘેર જઈ તેનો આભાર માન્યો અને ૫૦૦ પાઉન્ડ ભેટ આપી આવ્યો હતો.

એક મહિલાએ તેની બંને જાંઘ પર બતક ચીતરાવ્યા છે. બાવીસ વર્ષની સોના, અને તેની સહેલી જેને વક્ષઃસ્થળ પર રંગબેરંગી ફૂલોની વેલની સજાવટવાળું છૂંદણું મૂકાવ્યું છે. તો કોઈકે વળી આખા શરીરે હેલો, આઈ લવ યુ, કિસ મી, ફ્રી બર્ડ એવા શબ્દોના છૂંદણાં છૂંદાવ્યા છે.

માઈક ટોપલરની જેમ બ્રિટનના ઘણાં ટાટુઈસ્ટો પોતે જેટલી ભાતો અને આકૃતિઓનાં છૂંદણાં સર્જી શકે તે બધી આકૃતિ લઘુ કૃતિના આલ્બમ બનાવી રાખે છે. કેટલાક છૂંદણાવાળા તો પોતાના શરીર પર જ બધી આકૃતિ ચીતરી રાખે છે અને ગ્રાહકને પસંદગી માટે પોતાના શરીર પરના જ છૂંદણાં દર્શાવે છે. કેટલાક વળી પોતાની જાતને ટાટુ પ્રોફેસર ગણાવે છે અને છૂંદણાં મૂકવાનો કારભાર ચલાવતો હોય એ સ્થળને ક્લિનિક અથવા સ્ટુડિયો તરીકે ઓળખાવે છે.

વિદેશની એક મોડેલે રૂપિયા ચાર કરોડના ખર્ચે શરીર પર રંગીન છૂંદણા છૂંદાવેલા હતા. થોડાંક સમય પછી તે છૂંદણા અપ્રિય થઇ પડયા. આ મોડેલે રૂપિયા ૯૬ લાખના ખર્ચે છૂંદણા રીમુવ કરાવેલા. જો કે આ કિસ્સામાં ઘાટ કરતા ઘડામણ મોંઘું પડ્યું ન કહેવાય. આ મોડેલે પાછા છૂંદણા છૂંદાવ્યું કે નહીં તેની માહિતી ઉપલબ્ધ નથી!!

હવેનો જમાનો આધુનિકતાનો છે. હવે ટપકા, ફૂલો, ઓમ, હાર્ટ , લવ યુ, દેવી દેવતા ત્રિશૂળ, નાગ,વગેરે પરંપરાગત છૂંદણાથી કામ સરે તેવું નથી!!


તમે આધાર કાર્ડ મેળવ્યું છે પણ એનો સોળ ડિજિટનો નંબર યાદ રહે છે. નંબર કંઠસ્થ( નંબર ગોખવો) અઘરો છે. નો પ્રોબ્લેમ!! આધાર કાર્ડના નંબરનું છૂંદણું છૂંદાવી લો. વેરી સિમ્પલ !! તમને મોબાઇલ યુઝરવર્ડ કે પાસવર્ડ યાદ રહેતા નથી ??એના છૂંદણા છૂંદાવી નાખો!! તમાશામાંથી કેટલાને બેંક એકાઉન્ટ નંબર કે ક્રેડિટ કાર્ડ નંબર યાદ છે?


ભઇ ભારે ભૂલકણા આદમી! પ્રોફેસર છો? તેને લોકો ભૂલકણા માને છે!! બેંક ખાતા નંબર - ક્રેડિટ કાર્ડ નંબર યાદ રાખવા તેનું છૂંદણું કરાવી લો. ગેસ નંબર, લોકર નંબર યાદ નથી? તેના છૂંદણા છૂંદાવી લો. એક પંથ દો કાજ!! બોસ હજુ એક છૂંદણું યાદ કરાવું?? બોલો ઘરવાળી કે બેટરહાફનો જન્મદિવસ કે તમારી મેરેજ એનિવર્સરીની તારીખ યાદ ન રાખો તો લોચા પડે છે ને?? કશું છુપાવતા નહીં! અમે પણ આમાંથી પસાર થયા છીએ!! બસ બૈરીની જનમ તારીખ અને લગ્ન તારીખનું છૂંદણું છૂંદાવી નાંખો એટલે ભીષણ ગૃહ યુધ્ધ નિવારીને ખુશીનું એટમોસ્ફિયર સર્જી શકાય!! લગે રહો મુન્નાભાઇ છૂંદણા છૂંદાવવામાં!!!

ભરત વૈષ્ણવ..
૮.૯.૨૦૨૨.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG SS NO- 111
વિષય: પૂર્ણાહુતિ
વિભાગ: ગદ્ય/લેખ
શીર્ષક: શિક્ષાયજ્ઞ - પૂર્ણ આહુતિ
શબ્દસંખ્યા: ૩૫૦

પૂર્ણાહુતિ એટલે સમાપ્તિ. જીવનકાળ દરમ્યાન હાથ ધરેલ કોઈપણ કાર્યારંભ પછી તે સંપન્ન થાય તે પૂર્ણ સ્વરૂપ એટલે પૂર્ણાહુતિ. માનવજીવનનું પણ કાંઈક એવું જ છે ને! જીવન પણ આપણને મળેલો એક અવસર તો છે! જીવનની પૂર્ણાહુતિ એટલે અંતિમ વિદાયવેળાએ એક ઉત્સવ જેવું જીવન જીવી જવાય , એવું લક્ષ્ય હોવું જોઈએ.

આજે વાત કરવી છે મુંબઈના એક જાજરમાન, નિરાભિમાની, મિતભાષી, શિક્ષણક્ષેત્રે સમર્પિત વ્યક્તિત્વ ધરાવનાર શ્રી.બાલકૃષ્ણ હરગોવિંદ આચાર્યની , જેમણે આજીવન શૈક્ષણિક, સામાજિક સેવાને પ્રાધાન્ય આપ્યું. ગ્રેજ્યુએટ થયા બાદ પોતાનો પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યો. સાથે સન ૧૯૩૭ માં સ્થાપિત પરિવાર સંચાલિત ' માટુંગા પ્રિમીયર સ્કૂલ ' પણ સંભાળતા હતાં. એક કપરા સમયે શાળાને જરૂર પડતાં પૂરો સમય શાળાને ફાળવી કસોટી પાર પાડી. જીવનમાં શિક્ષણ ભેખ ધારણ કરી માનો શિક્ષણયજ્ઞ શરૂ કર્યો. શાળા તેમજ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ, જરૂરતમંદોને સહાય એ તેમનો જીવનમંત્ર હતો. સામાજિક કાર્યો, શિક્ષણ વિકાસનાં પગલાં લેવામાં સદા અગ્રેસર રહેતાં. આજીવન પ્રસિદ્ધિથી દૂર રહ્યાં . વિદ્યાર્થીઓને તેમની ભૂલો પ્રેમથી સમજાવી સુધરાવતાં. તેમની સામાજિક સેવાને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે તેમને જીઈસ બનાવ્યાં હતાં. મુંબઈ મહાનગર પાલિકા દ્વારા શાળા પાસેનાં ચોકને 'બાલાભાઈ આચાર્ય ચોક' નામકરણ કરી તેમનું ગૌરવ વધાર્યું તે સાથે એ સન્માનથી અમ સર્વેની છાતી ગજ ગજ ફૂલે છે.

તેઓએ પરિવાર સમક્ષ દેહદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી.પરિવારનો ખચકાટ દૂર કરતાં કહ્યું કે મારાં શરીરની રાખથી તમને શું મળશે? મારા દેહદાનથી મૅડિકલ શાખાનાં વિદ્યાર્થીઓને શીખવા મળશે. મુંબઈ સ્થિત લોકમાન્ય ટિળક સાયન હૉસ્પિટલમાં દેહદાન માટે નામ રજિસ્ટર કરાવ્યું. ટાઈપ-૨ ડાયાબિટીસ, અંગૂઠામાં ગેંગરીન સાથે શારીરિક તકલીફો શરૂ થઈ. ૧૮ સપ્ટેમ્બર, ૧૯૯૪ તેમના ૬૦ માં જન્મદિન અને અનંત ચતુર્દશીનાં દિવસે ટૂંકી માંદગી બાદ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયાં. શિક્ષણયજ્ઞની પૂર્ણાહુતિ એ દેહદાન કરી અંતમાં પણ વિદ્યાદાન કરતાં ગયાં. સમાજ અને શિક્ષણક્ષેત્રને ઉત્તમ મિત્ર, માર્ગદર્શકની ખોટ પડી.

શ્રદ્ધાંજલિ

ભાઈ,આજે તમે બહુ યાદ આવો છો,
નથી વિસરાતી વસમી વિદાયની ક્ષણ,
જન્મદિને જ ગણપતિ સંગે,
ચાલી નીકળ્યાં અનંતવાટે !
ભાઈ, આજે તમે બહુ યાદ આવો છો.
મૃત્યુથી શેનો ડર ?' હિંમત બંધાવી,
સમજાવી ગયાં જીવનનો સાર.
ભાઈ, આજે તમે બહુ યાદ આવો છો.
આજે દીકરીઓ જ નહીં, સર્વે મિત્રો,
જુઓ, યાદ કરેછે નતમસ્તક
વિદ્યાર્થીવૃંદ,શિક્ષકવૃંદ આપને,
શત્ શત્ નમન! કરી કહેછે,
સર, દેહદાન કરીને, અંતમાં ,પણ વિદ્યાદાન કરતાં ગયાં '
ભાઈ,તમે બહુ યાદ આવો છો !

ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'
૦૭/૦૯/૨૦૨૨

-----------------------------------

NOG SS No: 120
પ્રકાર : ગદ્ય
શીર્ષક : છેલ્લી ઘડી
વિષય : પૂર્ણાહુતી

છેલ્લી ઘડી

કોઈ પણ કાર્યની શરૂઆત હોય અને એ કાર્યની સમાપ્તી પણ ચોક્કસ હોય જ છે. જેમ જન્મ અને મરણ એક સિક્કાની બે બાજુઓ છે. તેવી રીતે અનેક બાબતોમાં લાભાલાભ રહેવાના જ.

ઉદાહરણ થી સ્પષ્ટતા કરીએ તો કોઈ પણ ઉમેદવાર ચૂંટણીજંગમાં ઝંપલાવે ત્યારે તેની આશા જીતની હોય છે, પણ જ્યારે તે હારી જાય છે ત્યારે તેની બાજી પલટાઈ જાય છે. કોઈ વિદ્યાર્થી સતત વાંચ્યા જ કરે છે, પણ તે પરીક્ષા નાં પરિણામ પછી તે બેચેન બની જતો હોય છે.

મહેનત કરેલી ક્યારેય ફોગટ જતી જ નથી. જે બાળકને પરીક્ષા નાં પરિણામથી નારાજગી પ્રવર્તતી હતી તે જ બાળક આગળ જતા મોટો અમલદાર થાય છે. એવા કેટલાય ઉદાહરણો છે કે અમુક વિષયમાં નહીં, પરંતુ ધોરણમાં નાપાસ થયેલો વિદ્યાર્થી સનદી અધિકારી સુધી પહોંચી શકે છે તેનું કારણ એની ધગશ અને મહેનત છે.

એટલે ક્યારેક જીવનમાં દુ:ખના ઓળા ઉતરી આવે તો કદાપી નાશીપાસ થવું નહીં. કોઈ અજાણ્યા રસ્તે જતા હોઈએ અને અધવચ્ચે જાળા - ઝાંખરા કે ઝાડીઓનુ ઝૂંડ આવે તો આપણે રસ્તો છોડી દેતા નથી, તેમ આગળ ચાલવાનું ચાલુ રાખવાથી મંઝિલ સુધી પહોંચતા આશાન થઈ જાય છે.એટલે દરેકના જીવનમાં ચડતી - પડતી, ‌તડકો - છાંયડો, સુખ-દુ:ખ, ગરીબ - તવંગર જેવા અનેક વિટંબણાઓ થી આપણા સૌનું જીવન ઘેરાયેલું છે.

આપણને પુરેપુરી ખબર હોવા છતાં એકબીજા પ્રત્યે નો ભાવ કેવો રાખીએ છીએ તે સૌ એ આપણા હ્રદય પર હાથ મૂકીને સત્ય સ્વિકારવુ જોઈએ. ઘણા લોકો દિવસ દરમ્યાન એકબીજાની આઘી - પાછી એટલે કે ઈર્ષ્યાની પડોજણમાં રચ્યા - પચ્યા રહીને ફલાણા ને આજે જાળમાં ફસાવવો છે. આવા કારસા રચતા હોય છે. જે કોઈ લપસીને ઊંડી ખાઈમાં પડ્યો હશે તો પણ તે નિકળી શકશે, પરંતુ અદેખાઈ માં પડ્યો હશે તે કદાપી બહાર નિકળી શકશે નહીં. જ્યારે સામે બીજી વ્યક્તિ દિવસ દરમ્યાન સારું જ વિચારતા હોય છે. ફલાણા ભાઈનો દિકરો સારું ભણ્યો છે, તો તે જલ્દી સારા ધંધે લાગી જાય. આવતાં - જતાં ને હકારાત્મક સલાહ આપતા હોય છે. સગા વ્હાલા માં કે પરિવાર - પડોશી ના હંમેશા હિતચિંતક બનીએ તેવી અપેક્ષા સેવું છુ.

ભલો ન ચૂકે એનું ભલપણ જીવનમાં,
ભૂંડો ન ચૂકે એની બદ દાનત જીવનમાં.

કુદરતે હાથ -પગ, હૈયું અને મગજ ભેટમાં આપ્યું છે, તો કુદરતનો આભાર માનીને જીવનમાં સારા કામ કરીએ. એક દિવસ આપણા જીવનની પણ પૂર્ણાહુતી થવાની છે એટલે જેટલો સમય મળે એટલો સમય બીજાને મદદરૂપ થઈએ. આવો મોંઘો મનુષ્ય દેહ મળ્યો છે તેનો સદુપયોગ કરીએ. લોકો પણ આપણા ગયા પછી આપણા વિચારોની પ્રેરણા લઈ જીવનમાં ઉતારે તેવા શુભ વિચારો લોકોને આપીએ.

કબીર સાહેબ ની પંક્તિઓ અહીં મૂકીને આપ સૌને હકારાત્મક વિચારો પ્રસ્થાપિત કરવાની આશા સેવું છુ.

ઘડી હુઈ ઘડિયાળ મેં, હુવા પરાયા સબ માલ;
નંગા આયા નંગા જાના ઈતનો રખીએ ખ્યાલ.
જબ તૂમ આયો જગત મેં, જગ હસે તૂમ રોય;
ઐસી કરણી કર ચલો, તૂમ હસો જગ રોય.
કયા લે કર તું આયા જગ મેં, કયા લે કર તું જાયેગા;
મૂઠી બાંધકર આયા જગ મેં,હાથ પછાડે જાયેગા.

આ જગતમાં સજીવ - નિર્જીવ તમામ નું સર્જન - વિસર્જન થતું રહે છે.

આપણા સૌના માટે છેલ્લી ઘડી આવવાની જ છે, પરંતુ તેથી સૌ કોઈએ કોઈ પણ પ્રકારનું ટેન્શન રાખ્યા વગર ટેસ થી જીવન જીવીએ તેવી સૌને શુભેચ્છાઓ...

નામ : ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
સ્થળ : વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા.
તારીખ : ૭-૯-૨૦૨૨.

-----------------------------------

*N.O .G. S.S. No. 0102*.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ-. પૂર્ણાહુતિ.
પ્રકારઃ-. ગદ્ય લેખ.
શીર્ષકઃ- શ્રી ગણેશ પૂર્ણાહુતિ સમારંભ.
તારીખઃ- ૮/૯/૨૦૨૨. ગુરૂવાર.
રચનાઃ-

રિદ્ધિ, સિદ્ધિ ,સુખ ,સંપત્તિ , સમૃદ્ધિ અને શાંતિના દાતા એવા ભગવાન શ્રી ગણેશ ની સ્થાપના ભાદરવા સુદ ચોથના દિવસે સંપૂર્ણ ભારતમાં થઈ ગઈ . આજે તો ભારતમાં દરેક ઠેકાણે ભગવાન શ્રી ગણપતિનું પૂજન કરવામાં આવે છે. આ પૂજનની તારીખ૯/૯/૨૦૨૨ના રોજ શુક્રવારના દિવસે અનંત ચતુર્દસીના દિવસે પૂર્ણાહુતિ થશે.

કેટલાક લોકો દોઢ દિવસ બે દિવસ ત્રણ દિવસ આમ જુદા જુદા દિવસોમાં ગણપતિનું વિસર્જન કે પૂર્ણાહુતિ કરતા હોતા હોય છે .જેવી જેની શ્રદ્ધા. કેટલાક લોકો છેક અનંત ચતુર્દશી સુધી ભગવાનને પોતાના ઘરે રાખે છે.

ખાસ તો ગણપતિ ઉત્સવ મહારાષ્ટ્રમાં સૌથી વધારે પ્રમાણમાં ઉજવવામાં આવે છે. મહારાષ્ટ્રની અંદર માટુંગા, કિંગ સર્કલ ,ચોપાટી, દાદર, મધ્ય મુંબઈ,તેમજ તમામ પરાઓની અંદર ગણપતિના જુદા જુદા પંડાલો રાખવામાં આવે છે . આ પંડાલોને વિશેષ રીતે ખૂબ શણગારવામાં આવેલા આવતા હોય છે. દરેક સોસાયટીમાં પણ ગણપતિની સ્થાપના કરવામાં આવે છે અને આસપાસના લોકો તેમાં ઉત્સાહથીભાગ લે છે. અનેક પ્રકારની હરીફાઈ અને કાર્યક્રમો રાખવામાં આવે છે.રોજ લાખો લોકો ભગવાન શ્રી ગણપતિના દર્શન માટે આવતા હોય છે . લાલબાગના ગણપતિ એ વિશેષ જાણીતા છે . આમ ગણપતિનું પૂજન લોકો શ્રદ્ધા અને ભક્તિથી કરતા હોતા હોય છે. આખું મુંબઈ જાણે ગણપતિ મય બની ગયું હોય તેવું લાગે છે .ચારે તરફ ગણપતિના પંડાલો. ખૂબ મોટી મૂર્તિઓ પંડાલોના જુદા જુદા શણગાર જુદાજુદા પ્રકારના ગણપતિ, બેન્ડવાજા , ફટાકડા અને ધૂન,ભજન ની રમઝટ એટલું જ નહીં પરંતુ ઘરે-ઘરે પણ ગણપતિની સ્થાપના અને સંપૂર્ણ શ્રદ્ધાથી લોકો માનપાન સાથે ભગવાન ગણપતિનું પોતાની રીતે યથા યોગ્ય સ્વાગત કરતા હોય છે .

છેલ્લા અઢી એક વર્ષથી આ કોરોનાને કારણે ગણપતિનું ઉત્સવ મનાવી શકાયો ન હતો તેને કારણે આ વર્ષે વિશેષ ઉત્સાહ જોવા મળે છે. ગણપતિનું પૂજન એ લોકોને માટે એક આનંદનો વિષય બની રહે છે.

આ દિવસો દરમિયાન સગા સંબંધીઓ, મિત્રો, ગણપતિના પૂજન વખતે ભેગા મળે છે. દૂર દૂરથી લોકો એકબીજાને હળવા મળવા માટે આવે છે. ખાય પીએ છે અને આનંદ કરે છે.

ગણપતિનું વિસર્જન કરવા કે પૂર્ણાહુતિને દિવસે ખાસ તળાવ, દરિયા કિનારે તેમજ જ્યાં તળાવની સગવડ ન હોય ત્યાં મોટા ખાડાઓની વ્યવસ્થા કરેલી હોતી હોય છે.

હજારો લોકો ધામધૂમતી ગણપતિના વિસર્જનમાં ભાગ લેતા હોય છે. આ સમયે દુર્ઘટના ન બને તે માટે સરકાર તરફથી પણ વિશેષ તકેદારીઓ રાખવામાં આવે છે.

ચારે બાજુ લોકોની ભીડ જોવા મળે છે . લોકો આનંદ ઉત્સાહથી ગણપતિ વિસર્જન કે પૂર્ણાહુતિ કરીને આવતે વર્ષે ગણપતિ વહેલા પધારજો તેવી પ્રાર્થના સાથે ગણપતિની મૂર્તિનું વિસર્જન કરે છે.

દેશમાં સુખ શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ રહે તેવી ભગવાન શ્રીગણપતિ પાસે પ્રાર્થના કરે છે.

લેખકઃ- રતીલાલ વાયડા
નવી મુંબઈ.૮/૯/૨૦૨૨.ગુરૂવાર.

## શિક્ષાયજ્ઞ - પૂર્ણ આહૂતિ



પૂર્ણાહુતિ એટલે સમાપ્તિ. જીવનકાળ દરમ્યાન હાથ ધરેલ કોઈપણ કાર્યારંભ પછી તે સંપન્ન થાય તે પૂર્ણ સ્વરૂપ એટલે પૂર્ણાહુતિ. માનવજીવનનું પણ કાંઈક એવું જ છે ને! જીવન પણ આપણને મળેલો એક અવસર તો છે! જીવનની પૂર્ણાહુતિ એટલે અંતિમ વિદાયવેળાએ એક ઉત્સવ જેવું જીવન જીવી જવાય , એવું લક્ષ્ય હોવું જોઈએ.

આજે વાત કરવી છે મુંબઈના એક જાજરમાન, નિરાભિમાની, મિતભાષી, શિક્ષણક્ષેત્રે સમર્પિત વ્યક્તિત્વ ધરાવનાર શ્રી.બાલકૃષ્ણ હરગોવિંદ આચાર્યની , જેમણે આજીવન શૈક્ષણિક, સામાજિક સેવાને પ્રાધાન્ય આપ્યું. ગ્રેજ્યુએટ થયા બાદ પોતાનો પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યો. સાથે સન ૧૯૩૭ માં સ્થાપિત પરિવાર સંચાલિત ' માટુંગા પ્રિમીયર સ્કૂલ ' પણ સંભાળતા હતાં. એક કપરા સમયે શાળાને જરૂર પડતાં પૂરો સમય શાળાને ફાળવી કસોટી પાર પાડી. જીવનમાં શિક્ષણ ભેખ ધારણ કરી માનો શિક્ષણયજ્ઞ શરૂ કર્યો. શાળા તેમજ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ, જરૂરતમંદોને સહાય એ તેમનો જીવનમંત્ર હતો. સામાજિક કાર્યો, શિક્ષણ વિકાસનાં પગલાં લેવામાં સદા અગ્રેસર રહેતાં. આજીવન પ્રસિદ્ધિથી દૂર રહ્યાં . વિદ્યાર્થીઓને તેમની ભૂલો પ્રેમથી સમજાવી સુધરાવતાં. તેમની સામાજિક સેવાને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે તેમને SEM બનાવ્યાં હતાં. મુંબઈ મહાનગર પાલિકા દ્વારા શાળા પાસેનાં ચોકને 'બાલાભાઈ આચાર્ય ચોક' નામકરણ કરી તેમનું ગૌરવ વધાર્યું તે સાથે એ સન્માનથી અમ સર્વેની છાતી ગજ ગજ ફૂલે છે.

તેઓએ પરિવાર સમક્ષ દેહદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી.પરિવારનો ખચકાટ દૂર કરતાં કહ્યું કે મારાં શરીરની રાખથી તમને શું મળશે? મારા દેહદાનથી મેડિકલ શાખાનાં વિદ્યાર્થીઓને શીખવા મળશે. મુંબઈ સ્થિત લોકમાન્ય ટિળક સાયન હૉસ્પિટલમાં દેહદાન માટે નામ રજિસ્ટર કરાવ્યું. ટાઈપ-૨ ડાયાબિટીસ, અંગૂઠામાં ગેંગરીન સાથે શારીરિક તકલીફો શરૂ થઈ. ૧૮ સપ્ટેમ્બર, ૧૯૯૪ તેમના ૬૦ માં જન્મદિન અને અનંત ચતુર્દશીનાં દિવસે ટૂંકી માંદગી બાદ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયાં. શિક્ષણયજ્ઞની પૂર્ણાહુતિ એ દેહદાન કરી અંતમાં પણ વિદ્યાદાન કરતાં ગયાં. સમાજ અને શિક્ષણક્ષેત્રને ઉત્તમ મિત્ર, માર્ગદર્શકની ખોટ પડી.

" શ્રદ્ધાંજલિ"

ભાઈ,આજે તમે બહુ યાદ આવો છો,
નથી વિસરાતી વસમી વિદાયની ક્ષણ,
જન્મદિને જ ગણપતિ સંગે,
ચાલી નીકળ્યાં અનંતવાટે !
ભાઈ, આજે તમે બહુ યાદ આવો છો.
મૃત્યુથી શેનો ડર ?' હિંમત બંધાવી,
સમજાવી ગયાં જીવનનો સાર.
ભાઈ, આજે તમે બહુ યાદ આવો છો.
આજે દીકરીઓ જ નહીં, સર્વે મિત્રો,
જુઓ, યાદ કરેછે નતમસ્તક
વિદ્યાર્થીવૃંદ,શિક્ષકવૃંદ આપને,
શત્ શત્ નમન! કરી કહેછે,
સર, દેહદાન કરીને, અંતમાં ,પણ વિદ્યાદાન કરતાં ગયાં
ભાઈ,તમે બહુ યાદ આવો છો !
ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'
૦૭/૦૯/૨૦૨૨

# યાત્રાધામ અંબાજીમાં ભક્તિ અને શ્રદ્ધાનું ઘોડાપૂર: ભાદરવી મેળો સોળે કળાએ જામ્યો

## દૂર-દૂરથી પગપાળા યાત્રા કરીને આવતા માઇભક્તો માતાજીના દર્શન કરી ધન્ય બન્યા

અંબાજી,

પવિત્ર અને પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળા પ્રસંગે ભક્તિ, શક્તિ, તપ અને શ્રદ્ધાનાં જાણે ઘોડાપૂર ઉમટ્યાં છે. ભાદરવી પૂનમનો મહામેળો હવે સોળે કળાએ જામ્યો છે. દૂરદૂરથી પગપાળા યાત્રા કરીને અંબાજી આવીને માઈભક્તો માં અંબેના દર્શન કરીને ધન્ય બન્યાં છે. અંબાજી જતા તમામ રસ્તાઓ ઉપર ભરચક માનવપ્રવાહ ભક્તિભાવથી અંબાજી તરફ ઉત્સાહભેર આગળ વધી રહ્યો છે. રસ્તાઓ ઉપર ઘણી જગ્યાએ ગરબાની રમઝટ જોવા મળે છે. માતાજીના આ પવિત્ર અને દિવ્ય પ્રસંગમાં ઘણા માઈભક્તો ગરબામાં જોડાઇ જાય છે અને ગરબા રમીને માતાજીની આરાધના કરે છે.

અંબાજી ખાતે મીની મહાકુંભના દર્શન જેવો માહોલ જોવા મળે છે. હાથમાં ધજાઓ, મનમાં માત્ર ભક્તિ અને આનંદ, ઉલ્લાસ સાથે લાખો માઈભક્તોના આગમનથી અંબાજી જાણે કે વધુ સોહામણું બન્યું છે. દર્શન કરીને પરત ફરતા માઈભક્તોના કપાળે કુમ કુમ તિલક, હાથમાં ચુંદડી અને પ્રસાદ તથા મોં પર ધન્યતા, આનંદ અને સંતોષ જોવા મળે છે. દિવસોથી રાત- દિવસ ચાલીને અંબાજી પહોંચેલા શ્રધ્ધાળુઓ સુખ-સંતોષરૂપ અંબાજીની યાત્રા સંપન્ન કરી પરત ફરી રહ્યાં છે.

કલેકટરશ્રી આનંદ પટેલ મેળાની પરિસ્થિતિ અને વિશેષ તો યાત્રિકોની સુવિધાઓ પર ઝીણવટભરી સતત કાળજી અને વોચ રાખી રહ્યા છે. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ સેવાભાવ સાથે ખડેપગે સેવામાં રહે છે. લાખો યાત્રિકો અંબાજીમાં સરસ સ્વચ્છતા જોઈને જિલ્લા વહીવટીતંત્રની કામગીરીની સરાહના કરી રહ્યાં છે. દર્શન માટે અંબાજી મંદિર પરિસરમાં સારી વ્યવસ્થા હોવાથી યાત્રિકોની લાંબી લાઇનો છતાં કોઈને લાંબો સમય લાઇનમાં ઉભા રહેવું પડતુ નથી. પ્રસાદ કેન્દ્રો પણ પુરતી સંખ્યામાં હોવાથી યાત્રિકોને કોઇ તકલીફ પડતી નથી.

ભાદરવી મહામેળામાં લોકો અંબાજી ચાલતા કેમ જાય છે

ભાદરવી મહામેળા પ્રસંગે અંબાજી ચાલતા- પદયાત્રા દ્વારા જવાનો ખાસ મહિમા છે. આદ્યશક્તિ મા અંબે શક્તિ સ્વરૂપ હોવાથી ચાલીને, કષ્ટદ વેઠતા અંબાજી જવાથી માતાજી જલ્દી પ્રસન્ન થાય છે તેવી



પણ માન્યતા છે. ઉપરાંત ભાદરવી મહામેળા પછી આસો માસમાં નવરાત્રિ આવે છે. આથી નવરાત્રિમાં પોતાના ગામની માંડવડીમાં રમવા પધારવા માતાજીને આમંત્રણ આપવા માઈભક્તો ચાલતા અંબાજી આવે છે.

મા એ સુપડુ ભરીને જવ આપ્યી રે માવડી..........

અંબાજી તીર્થસ્થાન બહુ પ્રાચીન સમયથી હોવાનો પુરાણો અને ધર્મગ્રંથોમાં ઉલ્લેખ છે. સીતાજીને શોધતા ભગવાન શ્રીરામ અને લક્ષ્મ ણ પણ માતાજીના સ્થાનકે આવ્યા હોવાનો પુરાણોમાં ઉલ્લેખ છે. શ્રીકૃષ્ણકનું ચૌલકર્મ પણ અંબાજીમાં થયાની માન્યતા છે. પાંડવો પણ વનવાસ દરમ્યાન

અંબાજી નજીક કોટેશ્વરમાં રોકાયા હોવાનું કહેવાય છે.

બહુ પ્રાચીન અને પુરાણા યાત્રાધામ અંબાજી વિશે ધર્મગ્રંથો અને પુરાણોમાં વિસ્તૃત ઉલ્લેખ છે. તેમજ ઘણી લોકકથાઓ, માન્યતાઓ પણ છે.

એવુ કહેવાય છે કે સદીઓ પહેલાં ગબ્બર વિસ્તારમાં એક રબારી ગાયો ચરાવવા જાય ત્યારે એક ગાય બહારથી આવી તેની ગાયોમાં સામેલ થઇ જતી અને સાંજે પાછી જતી રહેતી. એક દિવસ રબારી ને વિચાર આવ્યો કે ગાયની ચરાઇ લેવા જવુ છે. આથી તે ગાયની પાછળ પાછળ ચાલ્યો, ઘણું ચાલ્યા પછી એક વિશાળ મહેલ આવ્યો તેમાં એક સ્ત્રી હિંચકા ઉપર ઝુલતાં હતાં. તેમણે રબારીને ચરાઇ પેટે સુપડુ ભરીને જવ આપ્યાય. વિશાળ ભવ્ય મહેલ અને તેમાં સોનાના હિંચકા ઉપર ઝુલતી સ્વરૂપવાન દિવ્ય તેજસ્વી સ્ત્રીને જોઇને ચરાઇ વધારે મળશે તેવી રબારીને લાલચ થઇ હતી. તેણે સુપડુ ભરીને આપેલા જવ તો લઇ લીધા પણ રસ્તામાં તેણે ગુસ્સામાં પોટલામાં બાંધેલા જવ ફેંકી દીધા. રબારીએ ઘેર આવીને તેની પત્નીને વાત કરી અને જોયુ તો કપડાંમાં જવ બાંધ્યા હતા તેમાં બે ત્રણ હીરા ચોંટેલા હતા. રબારીને તેની ભુલનું ભાન થયું. પછી રબારી અને તેની પત્ની એ મહેલને શોધવા નિકળ્યાં ઘણા દિવસો સુધી તેઓ રખડ્યાં પણ ક્યાંય મહેલ કે એ જગ્યા ના મળી. થાકેલા રબારી પતિ-પત્ની ડુંગરામાં રડવા માંડ્યા કે હે મા......અમને દર્શન આપો, ત્યારે માતાજીએ પ્રગટ થઇ દર્શન આપ્યીની માન્યતા છે.

આજે પણ ગરબામાં ગવાય છે કે, મા એ સુપડુ ભરીને જવ આપ્યા રે માવડી.......


ગબ્બર ખાતે ૫૧ શક્તિપીઠોના દર્શનનો ખાસ મહિમા

માતાજીનું મૂળ પ્રાગટ્ય સ્થાન ગબ્બર હોવાની માન્યતા છે. અંબાજી આવતા યાત્રિકો પૈકી ઘણા યાત્રિકો નિયમિત ગબ્બર દર્શન કરવા જાય છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનથી ગબ્બર ખાતે માતાજીના તમામ સ્વરૂપો સમાન ૫૧ શક્તિપીઠોનાં મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. શક્તિપીઠોના અસલ મંદિરો જેવા જ મંદિરો ગબ્બર પરિક્રમા પથ ઉપર બનાવાયા છે તેમજ અસલ મંદિરોમાં જેવી પૂજા થાય છે તેવી જ પૂજા અહીં પણ થાય છે. સામાન્ય રીતે કોઇ માણસને તેના જીવનમાં તમામ શક્તિપીઠોનાં દર્શન થાય તે કામ બહુ કપરૂ છે. કારણ કે દેશ, વિદેશમાં આવેલ તમામ શક્તિપીઠોના દર્શન કરવાનું દરેક માટે શક્ય નથી. પરંતુ અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠોના મંદિરોનું નિર્માણ થતાં આદ્યશક્તિ અંબાજી ધામના દર્શને આવનારા લાખો શ્રદ્ધાળુઓને હવે એક જ સ્થળે એક સાથે ૫૧ શક્તિપીઠના દર્શનનો લાભ મળતો થયો છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ગબ્બર ઉપર અને શક્તિપીઠોમાં તમામ સ્થળોએ સારી સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે. તાજેતરમાં અંબાજી ગબ્બર ખાતે રૂ. ૧૩.૩૫ કરોડના ખર્ચે નવનિર્મિત સૌથી મોટા લાઇટ એન્ડ સાઉન્ડ શૉનો પ્રારંભ કરવામાં આવતા આ વર્ષે મેળામાં યાત્રિકો અને દર્શનાર્થીઓના આકર્ષણ માટે લાઈટ એન્ડ સાઉન્ડ શોનું નવું નજરાણું ઉમેરાયું છે. જેના રોજ રાત્રે ૩ જેટલા શો યોજવામાં આવે છે.

રિપોર્ટર લક્ષ્મણ ઠાકોર અંબાજી

## અંબાજી મંદિરની રોશનીથી ચાચર ચોકમાં પ્રકાશપુંજ પથરાયો હોય એવી અલૌકિક આભા રચાઈ: માં અંબાના ધામમાં અદ્દભૂત નજારો સર્જાયો

### સુવર્ણ મંડીત માતાજીનું મંદિર અવનવી રોશનીના શણગારથી દેદીપ્યમાન બન્યું



અંબાજી,

માં અંબાના અવિસ્મરણીય અવસર એવા ભાદરવી પૂનમના મેળામાં શ્રદ્ધાનો મહાસાગર છલકાઈ રહ્યો છે. લાખોની સંખ્યામાં માનવમહેરામણ માં ના ચરણોમાં દર્શનાર્થે ઉમટ્યો છે. એકલ દોકલ આવતા પદયાત્રિકો, સંઘમાં આવતા યાત્રિકો, રથ, માંડવી, ગરબા અને ધજા લઈને આવતા માઈભક્તોનો અવિરત પ્રવાહ અંબાજી ધામને જય અંબે..... બોલમાડી...... અંબેના નાદથી સતત ગજવી રહ્યો છે. શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમથી યાત્રાધામ અંબાજી માં મિનિકુંભનો માહોલ સર્જાયો છે ત્યારે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બે વર્ષ બાદ યોજાઈ રહેલા ભાદરવી મેળાને યાદગાર બનાવવા ભવ્યાતિભવ્ય આયોજન કરાયું છે. જેના ભાગરૂપે યાત્રિકો માટે તમામ સુવિધાઓનું સુંદર આયોજન અને વ્યવસ્થા કરવામાં આવી છે તો માં અંબાનું શક્તિપીઠ કે જ્યાં માતાજીનું હ્રદય બિરાજમાન છે ત્યાં માં ના ચરણમાં શીશ નમાવવા આવતા માઈભક્તોનું હૃદય પણ આનંદ અને ઉલ્લાસની અનુભૂતિ કરે, માના ધામમાં પ્રવેશતાં જ માઈભક્તો આફરીન પોકારી ઉઠે એવો રોશનીનો ઝગમગાટ કરાયો છે.અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા માતાજીના મંદિરમાં પ્રવેશવાના શક્તિદ્વાર થી માંડી માં અંબાના ચાચર ચોક અને મુખ્ય મંદિરને અદ્દભૂત અને આંખોને આંજી દેતી મનમોહક લાગતી રોશનીથી સજાવવામાં આવ્યું છે. શક્તિદ્વારથી મંદિર જવાના માર્ગ પર રોશનીની એવી જમાવટ કરાઈ છે કે, જાણે આરાસુર ડુંગરની ગિરિમાળાઓમાંથી અસંખ્ય આગિયા માં અંબાના અવસરને પ્રકાશિત કરવા ઊમટી પડ્યા હોય એવી અનુભૂતિ શ્રધ્ધાળુ ભાવિક ભક્તો કરી રહ્યા છે.રોશનીનો આવો ઝગમગાટ ક્યાંય જોયો નથી, પૂનમનો પમરાટ, થાકનો થનગનાટ ક્યાંય જોયો નથી. ગુજરાત તો ઉત્સવો, પર્વો અને મેળાઓની ભૂમિ છે, પરંતુ એમાંય અંબાજી શક્તિપીઠની વાત જ ન્યારી છે કેમ કે, અહીં માનું હ્રદય બિરાજમાન છે અને એટલે જ દૂર સુદૂર હજારો કિલોમીટરની પદયાત્રા કરી આવતા માઈભક્તો પગપાળા યાત્રાના થાકમાં પણ માના દર્શન કરવાનો થનગનાટ અનુભવે છે.

રિપોર્ટર લક્ષ્મણ ઠાકોર અંબાજી

# નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઓલપાડ વિધાનસભામાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે વર્ચ્યૂઅલ સંવાદ યોજયો



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ ગુજરાતના પનોતા પુત્ર અને દેશના કર્મનિષ્ઠ પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઓલપાડ વિધાનસભામા કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે વર્ચ્યૂઅલ સંવાદ યોજયો હતો. આ કાર્યક્રમમાં પેજ સમિતિના પ્રણેતા અને મજબૂત સંગઠન શક્તિથી પાર્ટીમાં ઉર્જાનો સંચાર કરનાર યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ તેમજ ગુજરાતની વિકાસ યાત્રાને સતત આગળ લઈજતા પ્રજાવત્સલ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ પણ ઉપસ્થિતિ રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજયનામંત્રીશ્રી મુકેશભાઇ પટેલે,સુરત જિલ્લના પ્રભારીમંત્રી અને રાજયનામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ શાબ્દીક પ્રવચન કર્યુ. આ કાર્યક્રમમાં ઓલપાડમાં સરકારની કલ્યાણ કારી વિવિધ યોજનાઓની માહીતી વિડિયો દર્શાવી આપવામાં આવી.

આ કાર્યક્રમમાં આત્મનિર્ભર ભારતના પ્રણેતા અને ગુજરાતના પનોતા પુત્ર તેમજ દેશના પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યા પછી સંબોધન કરતા જણાવ્યું કે, આજે સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો. શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજય સરકાર અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના નેતૃત્વમાં પાર્ટીનો દરેક કાર્યકર સેવાભાવથી કામ કરી રહ્યા છે. ગુલામીના સમયમાં સુરત દેશના એ પહેલા સ્થાનમાં હતું જયા મીઠાના કાયદાનો વિરોધ થયો હતો. સેવાભાવ શું હોય તેને સુરત અને સુરતના લોકો સારી રીતે જાણે છે. સુરત સૌને જોડનાર છે. લાલ કિલ્લા પરથી જે પંચપ્રાણોની વાત જણાવી હતી તેમાંથી એક પ્રાણ દેશની એકતા અંગે જણાવ્યું હતું તે આજના આ કાર્યક્રમમાં દેખાઇ રહ્યું છે. કુદરતની મહામારીએ ઘણી વાર સુરતવાસીઓની પરિક્ષા કરી પરંતુ સુરતવાસીઓ એકજૂટ થઇ દરેક પડકાર જીત્યો છે. સુરતના લોકોએ મને જે સહકાર અને સહયોગ આપ્યો છે તેને ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

શ્રી મોદી સાહેબે જણાવ્યું કે, વર્ષો પહેલા તાપીમાં જે પુર આવ્યું હતું ત્યારે સુરતના યુવાનો સુરતને ફરી બેઠુ ખૂબ મહેનત કરી હતી. સુરતની વાત આવે એટલે ઘણા નેતાઓની યાદ આવે જેમાં કાશીરામ રાણા, પ્રવીણભાઇ નાયક,હેમંતભાઇ ચપટવાલા,ભગુભાઇ બીમલ.ડૉ.કનુભાઇ માવાણી,ઈશ્વરભાઇ સહિત ઘણા નેતાઓના નામ યાદ આવે આ નેતાઓ સાથે ઘણુ કામ કરવાનો મને અવસર મળ્યો હતો. કોઈ પણ દેશની પ્રગતીમાં તે દેશના નાગરીકોના સ્વાસ્થ્યની ભૂમિકા મહત્વની હોય છે. સારુ સ્વાસ્થ્ય સારા ભવિષ્યનો રસ્તો દર્શાવે છે. આજે ગુજરાતમાં મલ્ટી સ્પેશિયાલીસ્ટ હોસ્પિટલનું નિર્માણ થયું છે. પાછલા બે દશકોમાં મેડિકલ કોલેજ ૧૧ થી વધીને ૩૧ થઇ છે. આ કેમ્પમાં આવતા દર્દીઓને પૌષ્ટીક આહાર માટે સલાહ આપવામાં આવે તેમ ડોકટરોને વિનંતી કરી.

શ્રી મોદી સાહેબે જણાવ્યું કે, જયારે સમાજ અને સરકાર સેવાભાવથી એક સાથે આવે ત્યારે સફળતા મળે છે. ગુજરાત દેશનું એ રાજય હતું કે તેને સારવાર માટે બે લાખ રૂપિયાની મદદની શરૂઆત કરી હતી. આ મદદ ગરીબો અને મધ્યમવર્ગના પરિવારને મદદ મળતી આજે આયુષ્યમાન ભારત યોજના આખા દેશમાં વિસ્તારવામાં આવી છે.

પીવાનું પાણી શુદ્ધ ન મળે તો પણ બિમાર પડાય છે અને એટલે જ સુરતમાં પિવાના શુદ્ધ પાણી લોકોને મળે તે માટે પણ ઘણા પ્રયાસો કરવામાં આવ્યા છે. ડબલ એન્જિનની સરકારને કારણે ગુજરાતમાં ૯૭ ટકા ગ્રામીણ પરિવારનોને નલ સે જલ યોજના થકી પાણી મળે છે. દેશના નાના ખેડૂતોને સાથ આપવો એ અમારી સરકારની પ્રાથમિકતા છે. પીએમ કિસાન સમ્માન નિધી યોજના આનું ઉત્તમ ઉદાહરણ છે. આ યોજનાથી દેશ ભરના ખેડૂતોના બેંક ખાતામાં અંદાજે ૨ લાખ કરોજ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. ગુજરાતના ૬૦ લાખથી વધુ ખેડૂત પરિવારોને પણ આ યોજનાનો લાભ મળ્યો છે. સુરતના સવા લાખથી વધુ ખેડૂતોને યોજનાનો લાભ મળ્યો છે. આ કાર્યક્રમમાં પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, આજે રાજયનામંત્રીશ્રી મુકેશભાઇ પટેલે ઓલપાડ વિસ્તારના જરૂરીયાતમંદ લોકોને સરકારી યોજનાના લાભ હાથો હાથ પહોંચાડવાની નવી પહેલ કરી છે. લોકોથી લોકોનું અને લોકહિતને વરેલુ સુશાસન ગુડ ગવર્નન્સ કેવું હોય તે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશ અને દુનિયાને બતાવ્યું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે કહેવું તે કરવું અને વિકાસની દિશા આપણને આપી છે. ગુજરાત બે દાયકાથી વિકાસનું મોડલ બન્યું છે. કોરોનાની મહામારીમાં મહાસત્તા ગણાતા દેશઓએ પણ તેમની પ્રજાને તેમના ભરોસે મુકી દીધા પરંતુ કપરા સંજોગોમાં પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશની જનતાને સાથે રાખી મહામારીથી ઉગારી લીધા.પહેલા સરકારી યોજનાનો લાભ જૂજ લોકો જ લઇ શકતા પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ છેવાડાના માનવી સુધી સરકારની યોજના પહોંચે તે માટે પ્રયાસ કર્યા. દેશનું અર્થતંત્ર ૧૧ નંબરથી ૫ નંબર પર આવ્યું છે. આજે દેશનું અર્થતંત્ર મજબૂત રીતે આગળ વધી રહ્યું છે.ગુજરાતે આજે દરેક ક્ષેત્રે વિકાસ કર્યો છે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં મારી સરકાર અને સાથી મંત્રીઓ પણ વિકાસ માટે કામ કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આત્મનિર્ભર ભારતનો સંકલ્પ આપણને આપ્યો છે અને તે માટે આપણે પણ આત્મનિર્ભર ગુજરાત થકી તેમના સંકલ્પને પુર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. કોરોના મહામારી પછી ગુજરાતનું બજેટ સૌથી મોટુ રજૂ કરવામાં આવ્યું. આજે ગુજરાત કોવિડ મહામારી પછી પણ આખા દેશમાં નાણકીય વ્યવસ્થાપનમાં ગુજરાત નંબર એક પર છે. ગુજરાતને ડબલ એન્જિન સરકારનો લાભ મળે છે.

શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે, ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા ઘણી સારી બનાવી છે પહેલા ૧૦૦ એ ૩૭ વિદ્યાર્થીઓ ડ્રોપઆઉટ થતા પરંતુ આજે આ રેસિયો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં ૩ ટકા સુધી લઇ આવ્યા. પહેલા ગુજરાતમાં વર્ષે ૧૩૭૫ ડોકટરો બનતા હતા પરંતુ આજે અંદાજે ૫૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ ડોકટર બને છે એટલે ગુજરાતની જનતાને સારુ સ્વાસ્થ્ય આપવા ચિંતા કરી છે. સુરક્ષા ક્ષેત્રએ પણ ગુજરાતે ઘણુ કામ કર્યુ છે આજના યુવાનોને કર્ફયુ શું હોય તેની પણ જાણ નહી હોય.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, હવે થોડા દિવસમાં ગુજરાતમાં ચૂંટણી આવવાની છે. હવે જીત એક માત્ર લક્ષ હોવું જોઈએ. આપણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સેના અને સેનાપતી છીએ. ભાજપના કાર્યકરોએ વિધાનસભાની તમામ બેઠક જીતવાનું લક્ષ રાખ્યું છે, દરેક બેઠક જીતવી છે પરંતુ દરેક બેઠક ૫૦ હજારની લીડ સાથે જીતવાની છે તે લક્ષ ભાજપના કાર્યકરો લઇ ચાલી રહ્યા છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર દેશના લોકોને ખૂબ વિશ્વાસ છે,આદર છે. ગુજરાત સહિત દેશમાં કરેલા વિવિધ વિકાસના કામ, દેશની સુરક્ષાના કામો કર્યા છે અને એટલે જ દેશ સાથે આખા વિશ્વમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ૭૫ ટકા મત સાથે ખૂબ લોકપ્રિય નેતામાં પહેલા નંબરે છે. ગુજરાત દેશ અને દુનિયાનું મોડલ છે. વિકાસ શું હોય તે ગુજરાતે આખા દેશને બતાવ્યું. કોંગ્રેસની મનમોહનની સરકારમાં જો કોરોના મહામારી આવી હોત તો શું સ્થિતિ થાય તેની કલ્પના કરજો. કોરોના મહામારી સમયે દેશના પ્રજાહિત સેવક શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કારણે એક નહી પરંતુ બે રસીની શોધ આપણા દેશના વૈજ્ઞાનિકોએ કરી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કોરોના સમયે દેશની જનતાને સુરક્ષીત રાખવા ફ્રીમાં રસી આપવાની જાહેરાત કરી. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ફ્રીમાં રસી આપી, ફ્રીમાં અનાજ આપ્યું રેવડી નથી વહેંચી. કોરોના સમયે દેશની જનતાને રસી સાથે ૮૦ કરોડ જનતાને ફ્રીમાં અનાજ આપી મહામારી સમયે કોઇનું ભુખમરાથી મૃત્યુ થયું નથી.

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં ચૂંટણી સમયે રેવડીવાળા આવી ગયા છે તેઓ જનતાને જે વચનો આપે છે તે પણ પુરા થઇ શકે તેવા નથી. આ રેવડીવાળા લોકોએ કેવી રીતે જનતાને ભ્રમીત કરે છે તે અંગે તેમને આપલે વચનોની વિસ્તૃત માહિતી આપી જણાવ્યું કે તેમના વચનોથી રાજયને કેટલું નુકશાન થાય. દેશને અને ગુજરાતને નુકશાન કરનાર અર્બન નકસલવાદી લોકોને જનતાએ ઓળખી લેવા જોઇએ. કચ્છ અને સૌરાષ્ટ્રમાં નર્મદાના નીર ન પહોંચે તે માટે મેઘાપાટકરે વર્ષો સુધી આંદોલન કર્યુ અને અડચણ પેદા કરી ૧૫ થી ૨૦ વર્ષ સુધી તેમને પાણી ન મળ્યુ. મેઘા પાટકર વિદેશના ફંડ આધારે આંદોલન ચલાવી ગુજરાતની સમૃદ્ધીને અને વિકાસને રોકતા હતા આવા ગુજરાત વિરોધીને આમ આદમી પાર્ટીએ લોકભામાં ટીકીટ આપી. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ચૂંટણી પહેલાથી જે રીતે તૈયારીઓ કરી રહ્યા છે તેનાથી ખૂબ ભવ્ય પરિણામ પક્ષના હિતમાં આવવાનું છે ઉમેદવારોની ભવ્ય જીત થવાની છે.

આ કાર્યક્રમમાં રાજયનામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ,પ્રભારીશ્રી ભરતભાઇ રાઠોડ,સુરત જિલ્લાના પ્રમુખશ્રી સંદિપભાઇ દેસાઇ,સુરત શહેરના પ્રમુખશ્રી નિરંજનભાઇ ઝાંઝમેરા,રાજય સરકારનામંત્રીશ્રીઓ મુકેશભાઇ પટેલ, શ્રી વિનુભાઇ મોરડીયા, સુરત શહેરના મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા,ધારાસભ્યશ્રીઓ શ્રી ગણપતભાઇ વસાવા,શ્રી ઈશ્વરભાઇ પરમાર,શ્રી મોહનભાઇ ડોડીયા,શ્રીમતી ઝંખનાબેન પટેલ,શ્રી વિવેકભાઇ પટેલ,શ્રી વિ.ડિ.ઝાલાવાડિયા,શ્રી કાન્તીભાઇ બલર,શ્રી પ્રવીણભાઇ ઘોઘારી,શ્રી અરવિંદભાઇ રાણા,શ્રીમતી સંગીતાબેન પાટીલ,શ્રી મનિષભાઇ પટેલ, સાંસદશ્રી પ્રભુભાઇ વસાવા,સુરત જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવેશભાઇ પટેલ,ઉપાધ્યક્ષશ્રી જનકભાઇ,ઉપાધ્યક્ષાશ્રી મહેન્દ્રભાઇ પટેલ,ડે.મેયરશ્રી દિનેશભાઇ જોધાણી,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પરેશભાઇ પટેલ,શાસકપક્ષના નેતાશ્રી અમિતભાઇ રાજપૂત,સુરત જિલ્લાના મહામંત્રીશ્રી યોગેશભાઇ પટેલ,શ્રી જગદીશભાઇ પારેખ,શ્રી દિપકભાઇ વસાવા,સુમુલડેરીના ચેરમેનશ્રી માનસિહભાઇ પટેલ,ઓલપાડ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી અમિતભાઇ પટેલ સહિતના આગેવાનવો ઉપસ્થિત રહ્યા હતા.



આજરોજ દેત્રોજ તાલુકાના ચુંવાળ ડાંગરવા ગામે ગણેશ વિસર્જન નિમિત્તે લક્ષ્મીપુરા, હેબતપુરા અને ડાંગરવા પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને ગણેશભક્ત પરબતજી રવાજી ઠાકોર તરફથી લાડુ, પૂરી, શાક, દાળભાતનું તિથી ભોજન આપવામાં આવ્યું. દાતાશ્રીનો આ તબક્કે શાળાના આચાર્યશ્રી પંકજભાઈ દવે એ આભાર માન્યો હતો.

# નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેંન્ટર દ્વારા જિલ્લાકક્ષાનો સાયન્સ સેમીનાર યોજવામાં આવ્યો




ગાંધીનગર,

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ,ગુજરાત સરકાર) પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની શાળાઓ માટે જિલ્લા કક્ષાના સાયન્સ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે "ટકાઉ વિકાસ માટે મૂળભૂત વિજ્ઞાન:પડકારો અને સંભાવનાઓ" વિષય પર વિદ્યાર્થીઓ પી.પી.ટી અને ચાર્ટના માધ્યમ ધ્વારા રજૂઆત કરી હતી. સ્પર્ધાના મુખ્ય મહેમાન અને નિર્ણાયક તરીકે સરકારી વિજ્ઞાન કોલેજના પ્રોફેસર ડૉ.ઉમેશ તળપદા અને ડૉ.દીપેનભાઈ ગાંધી તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સાયન્સ સેમીનારમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી શાળાઓના ૨૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિષયને અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રથમ ક્રમે શ્રેષ્ટ સિંગ (અંબા સ્કુલ ઓફ એક્સીલેન્સ), દ્વિતીય ક્રમે પ્રિયાંક તડવી (એમ.બી.પટેલ.ઈંગ્લીશ મીડીયમ સ્કુલ) અને તૃતિય ક્રમે દરજી વર્ની (માઊંટ કાર્મેલ સ્કુલ ) વિજયી બન્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્રો આપી નવાજવામાં આવ્યા હતા. ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થયેલા સ્પર્ધક આગામી સમયમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલે,વિજય સોલંકી એ સક્રિય સહયોગ પૂરો પાળ્યો હતો.

# ડાંગ જિલ્લા બંધારપાડા ખાતે આવેલ વિઘ્નહર્તા જોવા માટે લોકોનો બેહદ ઘસારો

ડાંગ ,

ડાંગ જિલ્લા પેટ્રોલપંપ ખાતે આવેલ વિઘ્નહર્તા ને જોવા માટે લોકો મા ઘણો કુતુહલ જોવા મળી રહ્યો છે કારણકે આની વીસેસતા આ છે કે આ વિઘ્નહર્તા હૈદરાબાદ થી મંગાવવામાં આવેલ આવેલ છે જેને જોવા માટે લોકોમાં અનેરો આનંદ જોવા મળ્યો છે કારણ કે આની વિશેષતા એ છે કે આ વિઘ્નહર્તા ના કાન હાલી રહયા છે અને આંખ ખુલે છે જેથી લોકોમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે અને આખા આહવા નગર મા આ એક જ એવા વિઘ્નહર્તા ની મૂર્તિ એવી છે જે



લોકોમાં અનેરો આનંદ ની લાગણી પ્રસરી છે

નરેન્દ્ર પવાર ,ડાંગ

# શ્રી અરિહંત કૃપા ફાઉન્ડેશન (મુંબઈ)નાં અનેકવિધ સેવાકાર્યો

શ્રી અરિહંત કૃપા ફાઉન્ડેશન છેલ્લા કેટલાક વર્ષોથી માનવતા અને જીવદયા માટે ઘણું કામ કરે છે. તેમના દ્વારા મુંબઈ ઉપનગરીય વિસ્તારમાં દર મહિને ૧૩૬ પરિવારોને રાશન કિટ પહોચાડવામાં આવે છે, બાળકોને શિક્ષણ ફી અને તબીબી સહાય, સ્કૂલ એજ્યુકેશન કીટ, ગણવેશ વિતરણ વગેરે પ્રદાન કરવાના, શૈક્ષણિક પ્રોજેક્ટ તેમજ બાળકોને દૂરના આદિવાસી વિસ્તારથી શાળા સુધી મુસાફરી કરવામાં મદદ કરવા માટે ગ્રામીણ વિસ્તારોમાં સાયકલ વિતરણ કરવામાં આવે છે. મહારાષ્ટ્ર અને રાજકોટ (ગુજરાત)માંની અનેક ગૌશાળાઓ, પાંજરાપોળોમાં ઘણા શેડ, ગમાણ, અવેળો, બોરવેલ વગેરે બનાવ્યા છે. કરૂણા ગૌશાળા (રાજકોટ) ખાતે ૭૦ હજારનું બોરવેલ, સવા બે લાખ રૂપિયાનો નવો શેડ અને ૫ વૃક્ષો વાવ્યા છે. હડથોલી ગૌશાળા, રાજકોટ ખાતે ૫૧ હજાર રૂપિયાનું ગાયોનું ગમાણ,



શ્રી ખોડિયાર ગૌશાળામાં ૨૧.૪ લાખનો ગાયનો શેડ, સિદ્ધાર્થ ગૌશાળામાં ૩ લાખ રૂપિયાનો ગાયોનો શેડ બનાવડાવ્યો છે. ટ્રસ્ટ દ્વારા વિવિધ સ્થળો જેવા કે વાડિયા ચિલ્ડ્રન હોસ્પિટલ, ટાટા કેન્સરના દર્દીઓ, આદિવાસી વિસ્તારમાં ખોરાક વિતરણ કરવામાં આવે છે. સવાસોથી વધારે અંધજનોને દર મહિને રાશન કીટ વિતરણ કરવામાં આવે છે. વર્તમાનમાં જ શ્રી અરિહંત કૃપા ફાઉન્ડેશન ગ્રુપ દ્વારા શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ, સુરેન્દ્રનગરની મુલાકાત લેવામાં આવી હતી. જ્યાં દોઢસોથી વધુ બાળકો જે દૃશ્યમાન વિકલાંગતા ધરાવે છે અને થોડાક બહુવિધ વિકલાંગતા ધરાવે છે અને કેટલાક રહેવાસીઓ તો સંપૂર્ણપણે પથારીવશ છે ત્યાં સફરજન, કેળાની ચિપ્સ અને ગણવેશના ૧૦૦ સેટનું વિતરણ કરવામાં આવ્યું છે. જુલેશ તરુણભાઈ શાહ શ્રી અરિહંત કૃપા ફાઉન્ડેશનનાં સ્થાપક છે. જેઓ દિવસ રાત જોયા વગર સતત લોકોની સેવામાં પ્રવૃત રહે છે. તેમની સાથે અપૂર્વભાઈ, નીરવભાઈ, ચિરાગભાઈ, અલ્પાબેન, અમિતભાઈ, કૌશિકભાઈ, અજયભાઈ, હર્ષિલભાઈ, ગૌતમભાઈ, રેખાબેન, ભૂષણભાઈ, હિમાંશુભાઈ, ધીરજભાઈ અને સમગ્ર ટીમ તેમની સાથે આ કાર્યોમાં જોડાય છે. શ્રી અરિહંત કૃપા ફાઉન્ડેશન વિષે વધુ માહિતી માટે ૯૧/૪એ. શાલીમાર બિલ્ડીંગ. ૬ રોડ, મરીન ડ્રાઈવ, મુંબઈ – ૨, ઈમેલ- જહ્રાકર૦૨૧જપ્ષ્દ્વકૈજ્ઞ.ર્ષ્દ્વ , મો. ૯૯૮૭૧૨૯૩૧૮ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.




તા.૮-૯-૨૦૨૨ ગુરુવારે સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ દરમ્યાન ન્યુરોપથી ડાયાબિટીસ નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન ડૉ.બી.ટી.પટેલ ક્લીનીક,ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ જોધપુર હીલ,મૅયેર વીટાબીઓટીક્સ અને ઉમેશ પટેલ,પંકજ જોષી,વાસુભાઈ ગોહેલ,રમેશ પ્રજાપતિ મિત્રોના સહયોગથી નવા વાડજ વિસ્તારના જરૂરતમંદ લોકોના લાભાર્થે ડૉ.બી.ટી.પટેલ ક્લીનીક,ગાયત્રી હોસ્પિટલ, કિરણ પાર્ક સામે,નવાવાડજ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં સીનીયર સીટીઝનોએ લાભ લીધો હતો અને મૅયર વીટાબીઓટીક્સ દ્વારા નિઃશુલ્ક દવા ન્યુરોપેથી તપાસ હાથ પગની પાની એડીને ચેક કરીને આપવામાં આવી હતી.

## માલપુર ગણેશ મહોત્સવમાં દર્શનનો લાભ લેવા પહોંચેલા પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનું ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત



અરવલ્લી.

અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે ગણેશ મહોત્સવ નિમિત્તે 'આઝાદીના અમૃત મહોત્સવ'ની થીમ પર તિરંગાથી દુંદાળા દેવ શ્રી ગણેશજીને સુશોભિત કરવામાં આવ્યા હતા. માલપુર ખાતે ગણેશ મહોત્સવ નિમિત્તે વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીના દર્શનનો લાભ લેવા બાયડ - માલપુરના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પહોંચ્યા હતા, જ્યાં પૂર્વ ધારાસભ્યએ વિઘ્નહર્તા દેવની આરતીનો લાભ લીધો હતો અને વિઘ્નહર્તા દેવના ચરણોમાં શિશ ઝુકાવી તેમના વિસ્તારના નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી, દર્શન કરવા પહોંચેલા પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનું ગ્રામજનો દ્વારા આતિશબાજી અને ઢોલનગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું...

પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સાથે માલપુર તાલુકા સંગઠન પ્રમુખ સંજય પટેલ, માલપુરના સરપંચ મહેશભાઇ, તાલુકા સદસ્યો તેમજ આજુબાજુ ગામના સરપંચો સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા...

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.